પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૩૮ • કુલ પાના : ૪ • તારીખ : ૦૨-૦૬-૨૦૨૨ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-


આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## અયોધ્યામાં મંદિરના ગર્ભગૃહના નિર્માણનું કામ શરૂ થયું, યોગી આદિત્યનાથે ગર્ભગૃહના નિર્માણ માટે આધારશીલા રાખી



અયોધ્યા,

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ભવ્ય રામ મંદિર બની રહ્યું છે. મંદિર નિર્માણ માટે આજે ઐતિહાસિક દિવસ છે. આજથી ગર્ભગૃહના નિર્માણનું કામ શરૂ થયું. સીએમ યોગી આદિત્યનાથે ગર્ભગૃહના નિર્માણ માટે ગર્ભગૃહનો પહેલો પથ્થર મૂક્યો હતો આ સાથે જ ૨૯મી મેથી શરૂ થયેલા સર્વદેવ અનુષ્ઠાનું પણ સમાપન થયું.

સીએમ યોગી આદિત્યનાથ હવે નિર્માણ સ્થળ પાસે બનેલા દ્રવિડ શૈલીના મંદિરના પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમમાં પણ સામેલ થયા હતાં અયોધ્યા રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ કહ્યું કે આજથી અધિરચનાનું કામ શરૂ થઈ રહ્યું છે. કામ પૂરા કરવા માટે ૩ તબક્કાની સમયમર્યાદા છે. ૨૦૨૩ સુધીમાં ગર્ભગૃહ, ૨૦૨૪ સુધીમાં મંદિર નિર્માણ અને ૨૦૨૫ સુધીમાં મંદિર પરિસરમાં મુખ્ય નિર્માણ થશે.

મુખ્યમંત્રી યોગી આદિત્યાનાથે કહ્યું કે છેલ્લા ૫૦૦ વર્ષથી દેશના સાધુ સંત રામ મંદિર આંદોલન ચલાવી રહ્યા હતા. આજે તે તમામ લોકોના હદયને આનંદ થયો હશે. ગર્ભગૃહની આધારશિલા રાખી દીધી છે. ગોરખનાથ પીઠની ત્રણ પેઢી આ મંદિર આંદોલન સાથે જોડાયેલી હતી. વધુમાં કહ્યું કે આજથી શિલાઓ મૂકવાનું કામ શરૂ થઈ જશે. મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રીરામનું ભવ્ય મંદિર અયોધ્યા ધામમાં તૈયાર થશે એ દિવસ હવે બહુ દુર નથી. આ મંદિર ભારતનું રાષ્ટ્ર મંદિર હશે. તેમણે કહ્યું કે પીએમ મોદીનું સપનું સાકાર થઈ રહ્યું છે. સત્ય અને ન્યાયના રસ્તે વિજય મળે છે. બે વર્ષ પહેલા મંદિરનું પીએમ મોદીએ ભૂમિ પૂજન કર્યું હતું.

તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૧૪માં નરેન્દ્ર મોદીજીને આશા અને પરિવર્તન લાવવા પ્રધાનમંત્રી તરીકે ચૂંટવામાં આવ્યા હતા અને તેમણે છેલ્લાં આઠ વર્ષમાં અનેક કામ પુરા કર્યા છે. તેમણે 'નવા ભારત'ની કલ્પના કરી હતી અને પોતાના વિચારો, કાર્યો અને વિઝન સાથે તેમણે આપણા દેશને વિકાસ અને પ્રગતિના પથ પર આગળ વધાર્યો છે.

તેમનાં પગલાંને પરિણામે ભારતે વૈશ્વિક રાજનીતિમાં શક્તિશાળી સ્થાન ભોગવ્યું છે અને આપણો દેશ 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'નું વિઝન સાકાર કરી શક્યો છે. તેની ઝલક તેમના વ્યક્તિત્વ અને સર્જનાત્મકતામાં પણ સ્પષ્ટપણે જોઈ શકાય છે, જેના કારણે ભારત અસાધારણ સમયમાં અશક્યને શક્ય બનાવવામાં સફળ રહ્યું છે. તેઓ ૧૩૫ કરોડ દેશવાસીઓની ભાવનાઓ અને આકાંક્ષાઓ નવા ભારતના નિર્માણમાં પ્રતિબિંબિત થાય એવી ઈચ્છાશક્તિ સાથે આગળ વધવા માટે પ્રેરણા અને માર્ગદર્શન આપે છે.

તેમના જન્મથી લઈને વડાપ્રધાન બનવા સુધીની સફર અને લોકસેવક તરીકે પડકારોને અવસરમાં બદલવાની તેમની ક્ષમતા ૧૩૫ કરોડ દેશવાસીઓની ઈચ્છાનો આધાર બની ગઈ છે. જીવનના ગુરુકુળમાં ભણેલા અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શાળામાં તાલીમ પામેલા તેઓ પૂજ્ય અટલજીની ભાવનાથી પ્રેરિત છે.

ઉપ-મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યએ મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું હતું કે દેશની સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી રામ જન્મભૂમિનું નિર્માણ શરૂ થયું છે. રામ જન્મભૂમિ પરિસરમાં પહેલા તબક્કાનું કામ પૂરું થયું છે. આજે બીજા તબક્કાનું કામ શરૂ થયું છે. આજનો દિવસ રામભક્તો માટે ખુશીનો દિવસ છે. રામભક્તોને શુભેચ્છાઓ. હનુમાનજીની કૃપાથી બધું કામ થઈ રહ્યું છે. હું સૌભાગ્યશાળી છું કે મંદિરના નિર્માણનો સાક્ષી બની રહ્યો છું. રામ મંદિર આંદોલનના સૈનિક તરીકે મને આ મોકો મળ્યો છે. તૈયારીઓ માટે મંદિર નિર્માણ સમિતિના ચેરમેન નૃપેન્દ્ર મિશ્રા અયોધ્યા પહોંચ્યા હતા. રામ મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયની ટીમે રામ જન્મભૂમિ પરિસરમાં દરેક તૈયારીઓ પૂરી કરી લીધી હતી. કમિશનર નવદીપ રિનવા, જિલ્લાઅધિકારી નીતીશ કુમાર અને આઈજી રેન્જ કેપી સિંહની સાથે એસએસપી અયોધ્યા શૈલેષ પાંડેએ રામ જન્મભૂમિનું નિરીક્ષણ કર્યુ હતું. તેમણે કાર્યક્રમ સ્થળ પર લગાવેલા ભવ્ય પંડાલ સહિત સમગ્ર પરિસરની તૈયારીઓ ચેક કરી લીધી હતી.

એક હજાર વર્ષ કરતા વધુ સમયથી અસ્તીત્વ ધરાવતા રામ મંદિરના પ્રથમ તબક્કામાં એક તીર્થ સુવિધા કેન્દ્ર પણ બનાવવામાં આશે. તે અંદાજે ૨૫ હજાર તીર્થ યાત્રીઓને જરૂરી સુવિધાઓ પૂરી પાડશે. તેને પૂર્વ દિશામાં મંદિર પહોંચવાના રસ્તા બાજુ બનાવવામાં આવશે. રામ મંદિર સિવાય પરિસરમાં ભગવાન વાલ્મિકી, કેવટ, માતા શબરી, જટાયુ, માતા સીતા, ગણેશ અને શેષાવતાર (લક્ષ્મણ)નું મંદિર પણ બનાવવામાં આવશે. કુલ ૭૦ એકર વિસ્તારની અંદર અને મંદિરની બહારના આસપાસના વિસ્તારમાં નિર્માણ કાર્ય કરાશે.હાલના સમયે શિલાન્યાસ કર્યા પછી પ્લિંથ સહિત દરેક નાના મોટા કામ એક સાથે ચાલી રહ્યા છે. ગર્ભગૃહોના ચારેય અને પ્લિંથ અને નક્શાદાર ગુલાબી સેન્ડસ્ટોનના બ્લોકની સ્થાપના, પિંડવાડામાં ગુલાબી સેન્ડસ્ટોનનું નકશીકામ, મકરાના માર્બલનું નકશીકામ અને આરસીસી રિટેનિંગ વોલ નિર્માણ જેવા ઘણાં કામો ચાલી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભવિષ્યના મંદિરના ગર્ભગૃહ સ્થળ પર ૫ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ભૂમિ પૂજા કરીને નિર્માણ કાર્ય શરૂ કર્યુ હતું. એલએન્ડટીએ ભવિષ્યના મંદિરના પાયા માટે એક ડિઝાઈન પણ રજૂ કરી હતી. તે પ્રમાણે મંદિર નિર્માણનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

### દેશમાં આ વર્ષે ૧૦૩% વરસાદ થવાનો અંદાજ

## ગુજરાત-પંજાબ સહિત ૧ ૨ રાજ્યોમાં જૂનમાં સામાન્ય કરતા વધારે વરસાદની આગાહી

નવીદિલ્હી,

આ વર્ષે દેશમાં ગયા વર્ષ કરતાં વધારે સારો વરસાદ થવાની આગાહી છે. ભારતીય હવામાન વિભાગે આ વખતે જૂનથી સપ્ટેમ્બર સુધી દેશમાં ૧૦૩ ટકા વરસાદ થવાની શક્યતા રજૂ કરી છે. વિભાગે એક મહિના પહેલા દેશમાં ૯૯% વરસાદ થવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો. જૂનમાં પંજાબમાં પણ ચોમાસાની સિઝન દરમિયાન સામાન્ય કરતા વધારે વરસાદ થવાનો અંદાજ રજૂ કરવામાં આવ્યો છે. મહત્તમ તાપમાન સામાન્ય અને સામાન્ય કરતા ઓછું રહેવાની શક્યતા છે. જૂનથી સપ્ટેમ્બર સુધી રાજ્યમાં સરેરાશ વરસાદ ૪૬૭ એમએમથાય છે. જો ગયા વર્ષની વાત કરીએ તો તે દરમિયાન ૪૩૬દ્વદ્વ વરસાદ નોંધવામાં આવ્યો હતો.

ચોમાસા દરમિયાન દેશમાં વર્ષ દરમિયાન ૮૭ સેમી વરસાદ થાય છે. વર્ષનો સામાન્ય વરસાદ ૯૬થી ૧૦૪% માનવામાં આવે છે.આઈએમડીના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું છે કે, આખા ચોમાસા દરમિયાન લા-નીના પરિસ્થિતિ રહેવાની શક્યતા છે. તેથી જ વરસાદ વધારે થવાની શક્યતા છે.લા-નીનાનો અર્થ પ્રશાંત મહાસાગરના દરિયા કિનારાના તાપમાનમાં વાંરવાર ફેરફાર થવો. તેનાથી આખી દુનિયાના હવામાનને અસર થાય છે. અલ નીનોના કારણે તાપમાન ગરમ થાય છે અને લા-નીનાના કારણે ઠંડુ થાય છે.

આ વર્ષે ચોમાસું ત્રણ દિવસ પહેલાં કેરળ પહોંચ્યું છે. જો પંજાબની વાત કરીએ તો અહીં લૂ આવવાની શક્યતા છે. અહીં ચોમાસુ ૩૦ જૂન પહેલાં આવવાની શક્યતા છે. જૂનમાં હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમી ઉત્તર-પ્રદેશ, પંજાબ, હરિયામા, ઉત્તરી રાજસ્થાન, મહારાષ્ટ્ર, પૂર્વ મધ્ય પ્રદેશ, પશ્ચિમ ગુજરાત, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને આંતરિક કર્ણાટકમાં સામાન્ય કરતા વધારે વરસાદ થવાની શક્યતા છે. પંજાબમાં આ વર્ષે માર્ચથી લઈને ૨૨ મે સુધી વાતાવરણ શુષ્ક રહ્યું છે.

મે મહિનામાં સરેરાશ દેશમાં વધારે ગરમી નોંધાઈ છે. IMDના જણાવ્યા પ્રમાણે પંજાબના ત્રણ જિલ્લા અમૃતસર, લુધિયામા અને પટિયાલામાં વધારે ગરમી નોંધાઈ છે. અમૃતસરમાં તો ૨૦૧૩ પછી પહેલીવાર ગરમી ૪૦ ડિગ્રી પાર થઈ છે. દિલ્હીમાં ચોમાસાના પહેલાં મહિને એટલે કે જૂનમાં સામાન્ય વરસાદ થવાનો છે. સામાન્ય રીતે જૂનમાં ૧૬૫ દ્બદ્બ વરસાદ થવાનો છે. જૂનમાં સામાન્ય વરસાદની રેન્જ ૯૨થી ૧૦૮ટકા છે. દિલ્હીમાં સોમવારે વાવાઝોડા સાથે વરસાદ થયો હતો. તેના કારણે ઘણાં ઝાડ ટૂટી ગયા અને વીજળી જતી રહી હતી. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે વરસાદ સાથે ૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપથી પવન ફૂંકાવાની શક્યતા છે. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી આસપાસ રહેશે. રાજ્યના અમુક વિસ્તારોમાં વાવાઝોડું પણ ફૂંકાઈ શકે છે. જેના કારણે તાપમાનમાં ઘટાડો થશે. જોકે આ સપ્તાહમાં ગરમ પવન ફૂંકાવાની શક્યતા છે.

## ભારતમાં આવતાં ડ્રગ્સનો આરોપ તાલીબાનીઓએ અમેરિકા પર નાખ્યો છે



કાબુલ,

અફઘાનિસ્તાન પર તાલિબાનીઓએ કબજો કર્યોને આઠ મહિના થયા છે અને એમ છતાં એક પણ દેશે તેમને માન્યતા નથી આપી. પહેલેથી જ મુશ્કેલીઓમાં ફસાયેલા તાલિબાનીઓ હવે ભારતને મનાવવાની કોશિશ કરી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી તાલિબાનના પ્રવક્તાથી લઈને પાવરફુલ નેતા અનસ હક્કાનીએ ભારત સાથેના સંબંધોને સુધારવા પર જોર આપ્યું છે. તાલિબાનન વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકીએ કહ્યું છે કે જો ભારત તેમની એમ્બસીને શરૂ કરે તો તેમની સિક્યોરિટી પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. ભારતમાં આવતાં ડ્રગ્સનો આરોપ તાલીબાનીઓએ અમેરિકા પર નાખ્યો છે. તેમનું કહેવું છે કે અમેરિકાના શાસન દરમ્યાન અફઘાનિસ્તાનમાં નશીલા પદાર્થનું ઉત્પાદન વધ્યુ છે અને એનું જ પરિણામ છે કે ભારતમાં એ જાય છે.

મીડિયા હાઉસને આપેલા ઈન્ટરવ્યુમાં તાલિબાની વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકીએ કહ્યું કે '૨૦૦૧માં જ્યારે અમેરિકાએ અફઘાનિસ્તાન પર હુમલો કર્યો ત્યારે નશીલા પદાર્થોનું ઉત્પાગન શૂન્ય હતુ. ત્યાર બાદ અમેરિકાના શાસનના ૨૦ વર્ષ દરમ્યાન ફક્ત ભારતમાં જ ડ્રગ્સ મોકલવામાં આવી. આ સાથે જ આસપાસના અન્ય દેશમાં પણ એ મોકલવામાં આવ્યું હતું. અફઘાનિસ્તાનમાં કેમણએ હવે કોકનાર (નશીલો પદાર્થ) પર પ્રતિબંધ મૂકી દીધો છે. જો હજી કોઈ જૂનો સ્ટોક બચી ગયો હશે તો એને પણ શોધીને નષ્ટ કરી દેવામાં આવશે.'

કાબુલમાં ભારતીય એમ્બેસીને શરૂ કરવા પર ઊભા થયેલા સવાલ પર તાલિબાની વિદેશ મંત્રીએ કહ્યું કે 'ઈસ્લામિક અમીરાત દરેક દેશો સાથે સારા સંબંધ ઈચ્છે છે. અમારી અત્યારની રાજનિતીક વ્યવસ્થા ખૂબ જ કમજોર હોવા છતાં એ સ્થિર છે. અમારા પડોશી દેશો અને દુનિયાના અન્ય દેશો સાથે પણ સારા સંબંધ છે. ઘણાં દેશોમાં અમારી એમ્બસી કામ કરી રહી છે અને અમે અમારા લોકોને ત્યા મોકલ્યા પણ છે. કાબુલમાં પણ ઘણાં દેશોની એમ્બસી કામ કરે છે. આથી ભારત પાસે પણ એમ્બેસે ખોલવા માટે કોઈ મુશ્કેલી નહીં હોય એવું અમે માનીએ છીએ.'

તેમનું કહેવું છે કે 'ભારતમાં અમારી એમ્બેસી હજી પણ કામ કરી રહી છે. તેઓ હજી પણ અમને સપોર્ટ કરી રહી છે. મને વિશ્વાસ છે કે નજીકના ભવિષ્યમાં અફઘાનિસ્તાન અને ઈન્ડિયા વચ્ચેના સંબંધ વધુ સારા બનશે. તેમની એમ્બેસી અમારા દેશમાં કામ કરશે અને અમારી એમ્બેસી તેમના દેશમાં કામ કરશે. ભારત અને અફઘાનિસ્તાન એકબીજાની ખૂબ નજદીકી દેશ છે આથી આપણે આર્થિક, રાજનિતીક અને રાજનયિક સંબંધ સારા રાખવા જોઈએ જેથી બન્ને દેશને ફાયદો થઈ શકે. ભારત એક ખૂબ જ મોટો દેશ છે અને ઓપરચ્યુનિટીથી ભરપૂર છે. અમે દુનિયાભરમાં અને ખાસ કરીને ભારતમાં એમ્બેસી અને વાણિજ્ય એમ્બેસી શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ પહેલાં અફઘાનિસ્તાનમાં ભારતના ઘણાં પ્રોજેક્ટ હતા.'

## ચીનને પછાડીને અમેરિકા બન્યુ ભારતનુ નંબર વન બિઝનેસ પાર્ટનર

નવીદિલ્હી,

અમેરિકા અને ભારતની નિકટતા વધી રહી છે અને તેના પૂરાવા બંને દેશો વચ્ચેના વેપારના આંકડા પરથી મળી રહ્યા છે. ૨૦૨૧-૨૨માં બંને દેશો વચ્ચેના વેપારે તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છે.સરકારના વાણિજ્ય મંત્રાલયના કહેવા પ્રમાણે અમેરિકા ભારતનુ સૌથી મોટુ બિઝનેસ પાર્ટનર બની ગયુ છે અને આ મામલામાં ચીનને પછડાટ આપી છે. આંકડા પ્રમાણે ૨૦૨૧-૨૨માં અમેરિકા અને ભારત વચ્ચેનો વેપાર વધીને ૧૧૯.૪૨ અબજ ડોલર થઈ ગયો છે.૨૦૨૦-૨૧માં આ આંકડો ૮૦.૫૧ અબજ ડોલર હતો.

૨૦૨૧-૨૨માં ભારત દ્વારા અમેરિકામાં થતી નિકાસ વધીને ૭૬.૧૧ અબજ ડોલર થઈ છે.જે તેના પહેલાના વર્ષમાં ૫૧.૬૨ અબજ ડોલ હતી.આ દરમિયાન ભારત દ્વારા અમેરિકાથી થતી આયાત વધીને ૪૩.૩૧ અબજ ડોલર થઈ છે.જે ૨૦૨૦-૨૧ના વર્ષમાં ૨૯ અબજ ડોલર હતી.

આંકડા પ્રમાણે ભારત અને ચીન વચ્ચે ૨૦૨૧-૨૨માં ૧૧૫.૪૨ અબજ ડોલરનો વેપાર થયો હતો.જે ૨૦૨૦-૨૧માં ૮૬.૪ અબજ ડોલર હતો.ભારત દ્વારા ચીનમાં થતી નિકાસમાં મામૂલી વધારો થયો છે.ભારતે ચીનમાં ૨૧.૧૫ અબજ ડોલરની વસ્તુઓની નિકાસ કરી છે.જે ૨૦૨૦-૨૧માં ૨૧.૧૮ અબજ ડોલર હતી. દરમિયાન ભારતે ચીન પાસેથી કરેલી આયાત વધીને ૯૪.૧૬ અબજ ડોલર થઈ છે.જે ૨૦૨૦-૨૧માં ૬૫.૨૧ અબજ ડોલર હતી.ભારત અને ચીન વચ્ચેની વેપાર ખાધ વધીને ૭૨.૧૯ અબજ ડોલર થઈ છે.જે અગાઉના વર્ષમાં ૪૪ અબજ ડોલર હતી.

## LPG સિલિન્ડર આજથી ૧૩૫ રૂપિયા સસ્તું થઈ ગયું



નવીદિલ્હી,

દેશમાં આજે એલપીજી સિલિન્ડરના નવા દરો જાહેર કરવામાં આવ્યા છે અને ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. આ સિલિન્ડર આજથી ૧૩૫ રૂપિયા સસ્તું થઈ ગયું છે. સરકારી પેટ્રોલિયમ કંપની ઈન્ડિયન ઓઈલે કોમર્શિયલ સિલિન્ડરના દરમાં ૧૩૫ રૂપિયાનો ઘટાડો કર્યો છે, જેના પછી ઈન્ડેન સિલિન્ડર ૧૩૫ રૂપિયા સસ્તું થશે અને દિલ્હીમાં ૨૨૧૯ રૂપિયા પ્રતિ સિલિન્ડરના દરે મળશે.દેશમાં મોંઘવારી સતત વધી રહી છે ત્યારે આજે રાહતના સમાચાર કોર્મશિયલ સિલિન્ડરના ભાવમાં ઘટાડાની જાહેરાત કરવામાં આવી છે. ૧૩૫ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

ઘરેલુ ગ્રાહકો એટલે કે ૧૪.૨ કેજી સિલિન્ડરનો ઉપયોગ કરતા ગ્રાહકોને આજે આ સિલિન્ડર પર કોઈ રાહત મળી નથી. તેના દરમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તે ૧૯ મેના રોજના દરે જ રહેશે.

દિલ્હીમાં ૨૩૫૪ને બદલે ૨૨૧૯માં મળશે, મુંબઈમાં ૨૩૦૬ને બદલે ૨૧૭૧.૫૦ રૂપિયામાં મળશે, કોલકાતામાં ૨૪૫૪ને બદલે ૨૩૨૨ રૂપિયામાં મળશે, ચેન્નાઈમાં ૨૫૦૭ના બદલે ૨૩૭૩ રૂપિયામાં મળશે.

## સોનિયા અને રાહુલ ગાંધીને ઈડીની નોટિસ, ૮ જૂને પૂછપરછ માટે બોલાવ્યા



નવીદિલ્હી,

નેશનલ હેરાલ્ડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને નોટિસ મોકલી છે. એવો દાવો કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. કોંગ્રેસના નેતાઓ અભિષેક મનુ સિંઘવી અને રણદીપ સુરજેવાલાએ પ્રેસ કોન્ફરન્સ કરીને આ દાવો કર્યો છે.

અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે સોનિયા ગાંધીને ૮ જૂને ઈડી દ્વારા પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. તે જ સમયે, રણદીપ સુરજેવાલાએ કહ્યું કે તેઓ આ નોટિસથી ડરશે નહીં, ઝૂકશે નહીં અને છાતી ઠોકીને લડશે. સિંઘવીએ કહ્યું કે ૮ જૂને સોનિયા પૂછપરછમાં સામેલ થશે.

સિંઘવીએ કહ્યું, 'ઈડીએ ૮ જૂને રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને પૂછપરછ માટે બોલાવ્યા છે. સોનિયા ચોક્કસપણે આ તપાસમાં સામેલ થશે. રાહુલ હાલ વિદેશ ગયા છે. જો તે ત્યાં સુધીમાં પાછા આવશે, તો તે જશે. અન્યથા ED પાસેથી વધુ સમય માંગવામાં આવશે.

પ્રેસ કોન્ફરન્સમાં રણદીપ સુરજેવાલાએ ઈડીને ઘેરી હતી. તેમણે કહ્યું કે સમગ્ર ષડયંત્ર પાછળ પીએમ છે અને ઈડી તેમની 'પાલતુ' એજન્સી છે. સુરજેવાલાએ કહ્યું કે મોદી સરકાર બદલાની ભાવનામાં આંધળી બની ગઈ છે. તેણે ઈડીની નોટિસને નવી કાયરતાપૂર્ણ કૃત્ય ગણાવી છે. સુરજેવાલાએ કહ્યું કે નેશનલ હેરાલ્ડ ૧૯૪૨નું અખબાર હતું. તે સમયે બ્રિટિશ સરકારે તેને દબાવવાનું કામ કર્યું હતું. હવે મોદી સરકાર ઈઙ્ખનો ઉપયોગ કરીને આ કામ કરી રહી છે.

## ભાજપ સાત જુનથી ગહલોત સરકારની વિરૂધ્ધ જન આક્રોશ રેલી કરશે



જયપુર,

રાજસ્થાનમાં બગડેલી પીવાના પાણીની વ્યવસ્થા,વિજળી સકંટ,આરોગ્ય અને કાયદો વ્યવસ્થાથી સામાન્ય નાગરિકોમાં નારાજગી છે.સામાન્ય નાગરિકોનની મૂળભૂત અને સ્થાનીક સમસ્યાઓને લઇ ભાજપ આગામી સાત જુને અજમેર કલેક્ટ્રેટ કાર્યાલય પર જન આક્રોશ રેલીની સાથે પ્રદર્શન કરશે તેની તૈયારીઓને લઇ પાર્ટી કાર્યાલયમાં બેઠક આયોજીત કરવામાં આવી હતી તેમાં સાંસદ ધારાસભ્યોની સાથે પાર્ટી પદાધિકારીઓએ પ્રદર્શનની રણનીતિ બનાવી છે. બેઠકમાં જીલ્લાધ્યક્ષ દેવીશંકર ભુતડાએ આરોપ લગાવ્યો કે પ્રદેશ સરકારના વર્તમાન સમયમાં ચારેબાજુ અરાજકતા અને ભયનું વાતાવરણ છે સામાન્ય નાગરિકો મૂળભૂત જરૂરીયાતો માટે તરસી રહી છે જાહેરમાં અપરાધ થઇ રહ્યાં છે અપરાધી ભય વિના નાગકિતોને ધમકાવી રહ્યાં છે. જયારે ધારાસભ્ય સુરેશ સિંહ રાવતે કહ્યું કે પ્રદર્શન દરમિયાન પ્રદેશ સરકારની વિરૂધ્ધ બ્લેક પેપર જારી કરવામાં આવશે. ધારાસભ્યે કહ્યું કે કિસાનોને ન તો પીવાનું પાણી અને ન તો વિજળી મળી રહી છે.કિસાનોને ન્યાય અપાવવા માટે ભાજપ માર્ગ પર ઉતરશે અને પ્રદર્શન કરશે. આ બેઠકમાં મહિલા મોરચાની પ્રદેશ મહામંત્રી સરિતા ગૈનાએ કહ્યું કે મહિલા ઉત્પીડન અને બળાત્કારની ઘટનાઓએ પ્રદેશને શર્મસાર કરી છે.તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારે ગત આઠ વર્ષના કાર્યકાળમાં પ્રત્યેક વર્ગનો વિકાસ થયો છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનમાં કિસાનો મહિલાઓ દલિતો અને સમાજના પ્રત્યેક વર્ગ માટે જે યોજનાો શરૂ થઇ છે તે દેશ માટે ઉપયોગી સાબિત થઇ છે.સમાજના પ્રત્યેક વંચિત અને જરૂરીયાતમંદ વ્યક્તિઓને આ યોજનાઓનો લાભ મળી રહ્યો છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક ૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ઘી વેડ રામપુર વિભાગ અર્થક્ષમ સે.સ. મંડળી

તરફથી અભીનંદન....

મુ. મોઠવા શાખા, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક ૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ઘી વેડ રામપુર સે.સ.મંડળી

તરફથી અભીનંદન....

મુ. વેડ સ્ટેશન ફળિયું, તા. ધાનપુર, જી. દાહોદ

## બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના મંગળપુરામાં ૧૫ વર્ષીય સગીરા સાથે દુષ્કર્મ

પાલનપુર,

ગુજરાતમાં મહિલા અને યુવતીઓ સુરક્ષિત છે તેવા દાવાઓ કરવામાં આવે છે પરતું સબસલામતની વાતો વચ્ચે ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા છે જે જાણી આપના હોશ ઉડી જશે ગુજરાતમાં દૈનિક ચાર જેટલી દુષ્કર્મની ઘટનાઓ બને છે જો રાજ્યમાં છેલ્લા બે વર્ષની વાત કરવામાં આવે તો બે વર્ષમાં ૩૦૯૫ જેટલી દુષ્કર્મની ઘટનાઓ સામે આવી છે.

બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના મંગળપુરામાં ૧૫ વર્ષીય સગીરા સાથે દુષ્કર્મ આચર્યાની ઘટના સામે આવી છે. વડા ગામના શખ્સે સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કર્યુ હતું ત્યાર બાદ સગીરા સાથે દુષ્કર્મ આચર્યુ હોવાની શિહોરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.. પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બાળકો સાથે થતી જાતીય સતામણી રોકવા માટે સરકારે કડક કાયદા બનાવ્યા છે. જે પૈકીનો એક કાયદો પોકસો છે. ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફોમ સેક્સુઅલ ઑફેન્સ એકટ ૨૦૧૨ તેનું પૂર્ણ નામ છે.બાળ યૌન ઉત્પીડનની વધતી ઘટનાઓને રોકવા માટે, પોક્સો કાનૂનને વધુ કડક બનાવવાના આવ્યો છે અનેક પ્રસ્તાવિત સંશોધનોમાં બાળકો સાથે ગંભીર યૌન ઉત્પીડન કરનારને મૃત્યુદંડ તથા કિશોર ગૂનેગારો વિરુદ્ધ અન્ય ગુનાઓ માટે કડક સજાની જોગવાઈ કરવામાં આવી છે.

કુમળા મનના બાળકની જાતીય સતામણીથી લાંબા ગાળે સમાજ ઉપર ગંભીર અસર પડે છે. બાળક સાથે જાતીય ગતિવિધિ કરવી તે ગંભીર ગુનો છે. બાળકનો શારીરિક અને માનસિક વિકાસ પૂરતો ન થયો હોય, પુખ્ત વયના ન હોય ત્યારે આવી ઘટના બને તો તે બાળકને આખીય જીદંગી ભોગવવાનું આવે છે. બાળક ઉપરાંત વાલી, તબીબ, સ્કૂલ સાથે સંકળાયેલા વ્યક્તિ સહિતના કોઈપણ વ્યક્તિ પોક્સો અંતર્ગત ફરિયાદ નોંધાવી શકે છે.ગુનાને રોકવા સ્પેશિયલ જુવેનિલ પોલીસ યુનિટ બનાવવામાં આવી છે. ઉપરાંત લોકલ પોલીસને પણ ફરિયાદ નોંધાવી શકાય છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર ગોધરા ભાગોળ રસ્તો બિસ્માર બનતા વાહન ચાલકો અને રાહદારીઓ પરેશાન



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર ગોધરા ભાગોળ રોડ રસ્તા બિસ્માર હાલતમાં ધૂળની ડમરી થી રાહદારીઓ પરેશાન થઈ રહ્યા છે. સંતરામપુર નગરપાલિકા દ્વારા ઘણા સમયથી બસ સ્ટેશન ચાર રસ્તા કારગિલ પેટ્રોલ પંપ સુધી રસ્તાની હાલત કફોડી બનતી ગઈ છે. આખા રસ્તા ઉપર ખાડાઓ પડી ગયેલા જોવા મળેલા છે. આશરે બે વર્ષથી આ રસ્તાની હાલત ગંભીર બની ગઇ છે. આના કારણે સ્થાનિક નાગરિકો મુશ્કેલી વધી રહ્યા રોડ બનાવવાની મંજુરી પણ મળી ગઈ છે. રાજ્ય સરકાર માંથી તને રકમ પણ મંજૂર કરવામાં આવેલી છે. તેમ છતાંય નગરપાલિકા નાગરિકોને રસ્તાની સુવિધા આપવામાં જરાય રસ નથી અને આળસ કરે છે. બોર્ડના ચૂંટાયેલા સભ્યો અને પાલિકાના અધિકારીઓએ ઘણા સમયથી સ્થાનિક રહીશોને પારાવાર મુશ્કેલી વેઠી તૈયાર છે, પરંતુ નવા રસ્તાની કામગીરી શરૂ કરવા તૈયાર નથી. નગરપાલિકાને ચાર વર્ષ વિતવા છતાંય હજુ સુધી સંતરામપુર નગરમાં જરાય વિકાસ જોવાતો નથી અને વિકાસ રૂંધાઈ રહ્યો છે. નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યોએ રાજસ્થાન ડુંગરપુર જઈને જોવું જોઈએ કે ખરેખર નગરનો વિકાસ કઈ રીતે કરી શકાય અને નાગરિકોને સુવિધા કઈ રીતે પૂરી પાડી શકાય આશરે ત્રણ વર્ષ અગાઉ પણ ગોધરા ભાગોળ વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ રહે છે. તે માટે બેંક.ઓફ.બરોડા બાજુ આરસીસી રસ્તાનો ટુકડો બનાવેલો હતો, પરંતુ વર્ષ દરમિયાન અવારનવાર નાનું–મોટું રીપેરીંગ કરીને બિલ મૂકીને ખર્ચ પાડે છે. તેમ છતાંય નવો રસ્તો બનાવવા તૈયાર નથી. સૌથી મોટી વાત એ છે કે, આજ વિસ્તારની અંદર રાજ્યકક્ષાના મંત્રી અને મહિસાગર જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ સૌથી મોટા નેતાઓ અહીંયા જ રહે છે. તેમ છતાંય નાગરિકોને સુવિધા મળતી જ નથી. આવી કાળઝાળ મોંઘવારીમાં એક બાજુ ઈંધણ મોંઘું થઈ રહ્યું છે. ત્યારે બીજીબાજુ આવા ખાડા પડેલા રસ્તાઓના કારણે નાગરિકોને કમરના ભાગે ભારે તકલીફ ઊભી થતી હોય છે. ગોધરા રોડ વિસ્તારની નવા રસ્તાની સુવિધા નાગરિકોને ક્યારે મળશે.

# મહિસાગર જિલ્લામાં જીલ્લા ન્યાયાલય ખાતે તથા તાબાની તાલુકા કોર્ટોમાં ૨૬ જૂનના રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

લુણાવાડા,

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ, નવી દીલ્હીના આદેશ અનુસાર અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદના ઉપક્રમે મહિસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ દવારા ૨૬ જૂન ૨૦૨૨ ને શનિવાર ના રોજ ૧૦–૦૦ કલાકથી નેશનલ લોકઅદાલતનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સમાધાન લાયક કેસો જેવા કે (૧) ફોજદારી સમાધાન લાયક કેસો (૨) નેગોશીએબલ ઈસ્યુમેન્ટ એકટ કલમ –૧૩૮ ના કેસો (૩) બેન્ક રીકવરીના કેસો (૪) અકસ્માત વળતરના કેસો (૫) મજુર ડીસપ્યુટના કેસો (૬) જમીન સંપાદનના કેસો (૭) ફેરફાર / ભાગલા/ વિભાજન/ભાડા બેન્ક વસુલાત/સુખાધિકારીના હકકો વિગેરેના દિવાની દાવાઓ (૮) વીજળી અને પાણીના બીલોના કેસો (૯) પ્રીલીટીગેશન કેસો (૧૦) રેવન્યુ કેસીસ (૧૧) ભરણ પોષણના કેસો અને કૌટુબિંક ઝઘડા અંગેના કેસો તેમજ અન્ય સમાધાન લાયક કેસોનો સમાધાનપૂર્વક નિકાલ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે. જેમાં કેસો મુકવા ઈચ્છતા પક્ષકારો, વકીલઓએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહિસાગર મુ.લુણાવાડા તથા મહિસાગર જિલ્લાની જે તે તાલુકા કાનૂની સેવા સમિતિના ચેરમેન ઓને સંપર્ક કરવા ચેરમેન જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ અને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજની અખબારી યાદીમાં જણાવાયું છે.

# કેજરીવાલ ’પરિવર્તન યાત્રા’ના પૂર્ણાહુતિ કાર્યક્રમમાં હાજર રહેશે

અમદાવાદ,

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીનાં પડઘમ વાગવા માંડ્યા છે. જેથી રાજકીય પાર્ટીઓના નેતાઓના રાજ્યના પ્રવાસમાં વધારો થઈ રહ્યો છે. દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ છઠ્ઠીએ ગુજરાતની મુલાકાત લેશે. આમ આદમી પાર્ટી દ્વારા હાલમાં રાજ્યમાં છ ઝોનમાં પરિવર્તન યાત્રા શરૂ કરવામાં આવી હતી. આપની પરિવર્તન યાત્રા છઠ્ઠી જૂને મહેસાણામાં પહોંચશે. સોમનાથ, દ્વારકા, અબડાસા, સિદ્ધપુર, દાંડી અને ઉમરગામથી આ પરિવર્તન યાત્રા શરૂ થઈ હતી. જેથી આપના ચૂંટણી મિશનના ભાગરૂપે કેજરીવાલ રાજ્યની મુલાકાત લેવાના છે. તેઓ આપના પૂર્ણાહુતિ કાર્યક્રમમાં હાજરી આપશે. આ ઉપરાંત તેઓ ઉત્તર ગુજરાતમાં ચૂંટણીપ્રચાર કરશે અને પાટીદારોને રીઝવવાના પ્રયાસ કરશે. તેઓ અહીં જંગી જાહેર સભાને સંબોધવાના છે. આમ આદમી પાર્ટી દ્વારા રાજ્યના છ ઝોનમાં ૧૫ મેથી પરિવર્તન યાત્રા શરૂ કરવામાં આવી છે. આ યાત્રાના સમાપન કાર્યક્રમમાં કેજરીવાલ છઠ્ઠી જૂને રાજ્યમાં આવશે. કેજરીવાલનો છેલ્લા બે મહિનામાં આ ચોથો પ્રવાસ હશે. તેઓ ચૂંટણપ્રચારના ભાગરૂપે અમદાવાદ કે મહેસાણામાં એક રેલી કરે એવી શક્યતા છે. બેરોજગારી, ખેડૂત, શિક્ષણ, મહિલાઓના મુદ્દાઓ લઈ આપ પાર્ટીએ ગુજરાતમાં પરિવર્તન યાત્રા કાઢી છે. રાજ્યના ૧૦ લાખ લોકો સુધી પરિવર્તન યાત્રા પહોંચી છે, એમ આપ પક્ષે દાવો કર્યો હતો.

# કડાણા તાલુકા પંચાયતના બે કર્મચારીઓ જાહેરમાં બાખડતા હોવાનો વિડીયો વાયરલ થયો



કડાણા,

કડાણા તાલુકા પંચાયતના બે કર્મચારીઓ જાહેરમાં બાખડતા કચેરીમાં આવેલ અરજદારો અચરજમાં મુકાયા હતા. મામલો ટી.ડી.ઓ. પાસે પહોંચતા વિવાદને થાળે પાડયો હતો.

કડાણા તાલુકા પંચાયત કચેરીમાં બે કર્મચારીઓ જાહેરમાં જી.આર.ને લઈ જાહેરમાં ઝગડી પડયા હતા. કચેરીના બે સહકર્મચારીઓ જાહેરમાં બાખડી પડતા કચેરીમાં કામ અર્થે આવેલ અરજદારો અચરજમાં મુકાયા હતા. બન્ને કર્મચારીઓ જાહેરમાં ગાળાગાળી કરતો વિડીયો વાયરલ થયો હતો. બે કર્મચારીઓ વચ્ચે ઝગડાનો મામલો તાલુકા વિકાસ અધિકારી પાસે પહોંચતા ટી.ડી.ઓ. એ આખો વિવાદ ઠાળે પાડયો હતો. પરંતુ તાલુકા પંચાયત કચેરીના બે કર્મચારીઓ લડવા માંથી ઉંચા આવતા ન હોય ત્યારે અરજદારોની સમસ્યાનો ઉકેલ કેવી રીતે આવતો હશે તે પ્રશ્ન થઈ રહ્યો છે.

# હું મનાવવા ગઈ હતી, પણ રૂમમાં તો પહેલાથી બીજી બેઠી હતી : ભરતસિંહની પત્ની



આણંદ,

ભરતસિંહ સોલકીં ફરી પાછા વિવાદમાં ફસાયા છે. પોતાની પત્ની સાથે જ વિખવાદ બાદ હવે પત્ની રેશમા પટેલે એવો ખેલ પાડી દીધો હતો કે ભરતસિંહને હવે જીદંગી ભર યાદ રહેશે. કોંગ્રેસના દિગ્ગજ નેતાના ઈલુઈલુની લીલાનો ભાંડો ફોડતા પત્ની બંગલામાં ઘૂસી જતાં રાજકીય ગલિયારોમાં ખળભળાટ મચ્યો છે. આજે સોશિયલ મીડિયામાં ભરતસિંહના પત્ની અને યુવતી વચ્ચેની બબાલનો વીડિયો વાયરલ થયો છે. જેમાં કોંગ્રી નેતા ભરતસિંહ કોઈ અજાણી મહિલા સાથે હોય તે સમયે તેમની પત્ની પહોંચી ગઈ હતી. ત્યારબાદ યુવતીને લઈ ભરતસિંહની પત્નીએ હોબાળો કર્યા હોય તેવું વીડિયોના દ્રશ્યો પરથી સ્પષ્ટ સાબિત થાય છે. આ કથિત વીડિયો વાયરલ થયા બાદ હવે ભરતસિંહ સોલંકીના પત્નીનો ખુલાસો સામે આવ્યો છે.

કોંગ્રેસના દિગગજ નેતા ભરતસિંહ સોલંકીની રંગરેલીયાનો કથિત વિડિઓ વાઈરલ થયા બાદ વાઈરલ વીડિયો મામલે ભરતસિંહના પત્ની રેશ્મા પટેલ મીડિયા સમક્ષ આવ્યા હતા. રેશ્મા પટેલે વાઈરલ વીડિયોની પુષ્ટિ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ ઘટના ગત મોડી રાત્રે જ બની હતી. આણંદ વિદ્યાનગર રોડ સ્થિત આશ્રય બંગલો ખાતે આ સમગ્ર ઘટના બની હોવાની વાત રેશ્મા પટેલ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, હું છેલ્લા ઘણા દિવસોથી ભરતસિંહ પર વોચ રાખી રહી હતી. ત્યારે ગત રોજ પત્ની રેશ્મા પટેલે ભરતસિંહ સોલંકીનો પીછો કર્યો હતો.

સૌથી પહેલા મેં જોયું કે ભરતસિંહ વિદ્યાનગર રોડ ઉપર આઈસ્કીમ ખાઈ આશ્રય બંગલો ખાતે પહોંચ્યા હતા. જ્યાં એક અજાણી યુવતી સાથે બંગલામાં રંગરેલિયા માનવતા હતા. તેમણે જણાવ્યું હતું કે, હું ત્યાં ભરતસિંહને મનાવવા ગઈ હતી. પરંતુ અહીં મેં ચિત્ર કંઈક અલગ જ જોયું હતું. રેશ્મા પટેલે વધુમાં જણાવ્યું કે, હજુ પણ હું ભરતસિંહને માફ કરવા તૈયાર છું...

સોશિયલ મીડિયામાં કથિત વિડીયોના મતે, ભરતસિંહ સોલંકીના પત્ની ધીમેથી દરવાજો ખોલીને ઘરમાં પ્રવેશે છે, તે વખતે ભરતસિંહ દોડતા આવે છે અને ’પોલીસને બોલાવો..પોલીસને બોલાવો’ કહીને બૂમો પાડીને પત્ની રેશ્મા પટેલને આવતા અટકાવે છે. રેશ્મા પટેલ સાથે તેમની સાથે રહેલા લોકો પણ ઘરમાં જબરજસ્તી ઘૂસે છે અને અંદર રહેલી યુવતીના વાળ પકડીને માર મારવાનું શરૂ કરે છે. ભરતસિંહ વચ્ચે પડીને અજાણી યુવતીને બચાવવાનો પ્રયાસ કરે છે, પરંતુ પત્ની તેમને હડસેલીને દૂર કરી દે છે. ત્યારબાદની ત્રણ ક્લીપમાં રેશ્મા પટેલ અને ભરતસિંહના ઘરમાં રહેલી અજાણી યુવતી વચ્ચે થયેલી મારામારીના દ્રશ્યો વાયરલ થયા છે. જેમાં રેશ્મા પટેલ યુવતીના વાળ ખેંચીને તેનું મોઢું કેમેરામાં દેખાય તેવા પ્રયાસ કરી રહી છે.

રેશ્મા પટેલ આ યુવતીને એમ પણ કહે છે કે, ’તું મારા ધણીને લઈને બેઠી છે... તને નહીં છોડું..’ રેશ્મા પટેલના અચાનક ઘરમાં ઘૂસી જવાથી ભરતસિંહ એટલા ગભરાઈ જાય છે કે તેઓ તેમના ગાર્ડ્સને બૂમો પાડીને પોલીસને બોલાવવા માટે જણાવે છે. પરંતુ ભરતસિંહ સોલંકીના પત્ની યુવતીના વાળ ખેંચીને ’આનો વિડીયો ઉતારો.. તારું મોઢું બતાય’ એમ કહેતા રહે છે. જોકે, યુવતી પોતાનો ચહેરો છૂપાવવા માટે પોતાનાથી બનતા તમામ કોશિશ કરે છે. તે વખતે રેશ્મા પટેલ સાથે રહેલો એક વ્યક્તિ યુવતીને એમ પણ કહે છે કે, આ ધંધા સારા નથી. અન્ય વાયરલ થયેલી એક વીડિયોમાં ભરતસિંહના પત્ની રેશ્મા પટેલ યુવતીને જણાવે છે કે ’તે મારો નથી થયો.. તેના માટે મેં આખી દુનિયા છોડી દીધી.. મારો બાપ પણ મરી ગયો.. જેવી દશા મારી થઈ તેવી જ દશા તારી પણ થશે.’ પરંતુ તે વખતે અજાણી યુવતી ભરતસિંહના પત્નીને આન્ટી કહીને બોલાવે છે, જેના જવાબમાં રેશ્મા પટેલ તેને એમ કહેતા સાંભળી શકાય છે કે, ’તું મને આન્ટી કહે છે તો પેલો તારો દાદો ના થયો?’

# આણંદ અને ભાવનગરમાં ગમખ્વાર અકસ્માત, કુલ ૬ નિર્દોષ લોકોએ જીવ ખોયા

ભાવનગર,

રાજ્યમાં અસ્માતોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. ત્યારે આજે ભાવનગરના નવાબંદર અને આણંદમાં વઘાસી નજીક નેશનલ હાઈવે પર હિટ એન્ડ રનની બે અલગ અલગ ઘટનાઓમાં કુલ ૬ લોકોના મોત થયા હોવાની ગોઝારી ઘટના સામે આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ભાવનગર શહેરના નવાબંદર રોડ પર આજે વહેલી સવારે સ્વીફ્ટ કાર અને ડમ્પર વચ્ચે ધડાકાભેર અકસ્માતની દુર્ઘટના સર્જાઇ છે. સ્વીફ્ટકારમાં રહેલા સવાર ચાર લોકોના સ્થળ પર નિપજ્યા હતા બનાવને લઈ ૧૦૮ અને પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયા છે.આ અક્સમાત એટલો ગમખ્વાર હતો કે કાર અને ડમ્પર અથડાતા દૂર સુધી તેનો અવાજ સંભળાયો હતો, આજુબાજુના લોકો સત્વરે મદદ માટે દોડી આવ્યા હતા. પોલીસ પણ વહેલી તકે ઘટનાસ્થળે પહોંચી હતી.

દરમિયાન આણંદમાં બનેલા અકસ્માત વિશે મળતી માહિતી પ્રમાણે વઘાસી નજીક નેશનલ હાઈ-વે પર હિટ એન્ડ રનની ઘટના બની છે. જેમાં અજાણ્યા વાહનની ટકકરે બે યુવકોના કરૂણ મોત નિપજ્યા છે. આ ઘટનામાં મળતી માહિતી પ્રમાણે પુરપાટ ઝડપે જતા વાહને ટક્કર મારતા બંને યુવાનો ૧૫ ફૂટ દૂર ફંગોળાયા હતા. જ્યાં તેમનું મોત થયું છે. મૃતક યુવાનો મૂળ ઉત્તરપ્રદેશ અને બિહારના રહેવાસી હોવાનું જાણવા મળે છે અને વઘાસી નજીક ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. અને નોકરી પુરી થતા તેઓ પોતાના ઘરે જઈ રહ્યા હતા, ત્યારે હાઈ-વે રોડ પરથી પસાર થતા અજાણ્યા વાહને તેમને ટક્કર મારી હતી. ઘટનાની માહિતી મળતા પોલીસ પહોંચી ગઈ હતી અને મૃતક બંને યુવાનોના મૃતદેહને પીએમ માટે ખસેડાયા હતા. આ ઘટનામાં આણંદ ગ્રામ્ય પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

# દિલ્હી સરકાર કાશ્મીરી પંડિતોની દુકાનોને મફત વીજ જોડાણ આપશે

નવીદિલ્હી,

દિલ્હી સરકાર આઈએનએ માર્કેટમાં સ્થિત વિસ્થાપિત કાશ્મીરી પંડિતોની દુકાનોને મફત વીજળી કનેક્શન આપશે. નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ અધિકારીઓને બજારમાં ટ્રાન્સફોર્મર લગાવવા માટે પસંદ કરેલી જગ્યાનું તાત્કાલિક નિરીક્ષણ કરવા અને એક મહિનાની અંદર કાશ્મીરી પંડિતોની તમામ દુકાનોમાં વીજળી જોડાણ સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. તાજેતરમાં કાશ્મીરી પંડિતોનું એક પ્રતિનિધિમંડળ મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલને મળ્યું હતું અને વીજળી કનેક્શનનો મુદ્દો ધ્યાને મૂક્યો હતો. તેઓએ એમ પણ કહ્યું કે, આઈએનએ માર્કેટમાં કાશ્મીરી પંડિતોની ૧૦૦ થી વધુ દુકાનો છે, જે છેલ્લા વર્ષોમાં વિવિધ સત્તાવાળાઓ દ્વારા આ વિસ્તારમાં વિવિધ બાંધકામ પ્રવૃત્તિઓને કારણે ઘણી વખત સ્થળાંતર કરવામાં આવી છે, જેના કારણે દુકાનદારોને વીજળી કનેક્શન સહિત અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

# આપની આજ.......

મેષ : તમે પારિવારિક જીવન અને વિવાહિત જીવનમાં આનંદ અને શાંતિનો અનુભવ કરશો. પરિવારના સભ્યો અને નજીકના મિત્રો સાથે શ્રેષ્ઠ સ્થળે પ્રવાસની યોજના બનાવો અને સ્વાદિષ્ટ ભોજન લેવાની તક મળશે.

વૃષભ : આજે તમારું ધ્યાન અનિયંત્રિત બાબતો પર વધુ રહેશે. અન્ય લોકો ત્રાસ આપતા આનંદ લેશે પણ કોઈની નારાજગી પછી પરિસ્થિતિથી અજાણ રહેશે. પ્રકૃતિમાં ચંચળતા રહેશે અને દરેકની પાસેથી તમારી સાથે નમ્રતાથી વર્તન કરવામાં આવશે.

મિથુન : સમાજના વરિષ્ઠ લોકોના અણધાર્યા સહયોગથી મન ઉત્સાહિત થશે. ઘરેલું કામ હલ કરવામાં થોડો સમય વિતાવશે. ખર્ચને કાબૂમાં રાખવા માટે તમામ પ્રયત્નો કરો તેમ છતાં પરિવારની ખુશી માટે થોડોક ખર્ચ કરવો પડી શકે છે.

કર્ક : તમને ક્ષેત્રમાં થોડી સમસ્યાઓનો અનુભવ થઈ શકે છે, પરંતુ સમયની સાથે સમસ્યાઓ પણ સમાપ્ત થઈ જશે. એક સાથે અનેક કાર્યો કરવાથી માનસિક તાણ થઈ શકે છે. જો તમે વ્યવસ્થિત રીતે વ્યવસાય ચલાવો છો, તો સમસ્યાઓ દૂર થશે.

સિંહ : આજનો દિવસ કારકિર્દી અને પરિવારના સભ્યો પર વધુ કેન્દ્રિત રહેશે. નોકરી ધંધો કરનારાઓને સારા કામનું વળતર મળી શકે છે. ઘરનું વાતાવરણ શાંત રહેશે અને આ બધુ તમારું માનસિક તાણ ઘટાડશે. તમે આ સમયે ક્ષેત્રમાં સારી ખ્યાતિ અને ખ્યાતિ મેળવી શકો છો.

કન્યા : વ્યવસાયિક દૃષ્ટિકોણથી સમય સારો છે અને તમારી કાર્યશૈલીની પણ પ્રશંસા કરવામાં આવશે. લાંબા સમય પછી અંગત જીવન વિશે વિચાર કરશો. ભારે વ્યસ્તતાને કારણે લવ લાઈફમાં થોડું અંતર હોઈ શકે છે, પરંતુ વાતચીત દ્વારા બધું બરાબર રહેશે.

તુલા : આજે બહાર ચાલવું અને મનોરંજન તરફ ધ્યાનને મહત્વ આપશો નહીં. બપોરે પૈસાના આગમનથી તમે અન્ય દિવસો કરતા ખુશ થશો. પરિવાર સાથે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો અને સામાજિક અંતરના નિયમોનું સંપૂર્ણ પાલન કરો.

વૃશ્ચિક : આ દિવસે તમારા મોટાભાગનાં કાર્યો સરળતાથી પૂર્ણ થશે, જેથી તમે ખુશ રહેશો. કૌટુંબિક સંપત્તિ મળવાની પ્રબળ સંભાવના છે. પરિવાર સાથે તમારા સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખો અને સલામતી સાથે ઘરની બહાર નીકળો. જીવનસાથી સાથે ઉત્તમ સમય પસાર થશે.

ધનુ : ધાર્મિક કાર્યોમાં થતા ખર્ચ તમારી પ્રસિદ્ધિમાં વધારો કરશે. જો કે આરોગ્યને લગતા કેટલાક મહત્વપૂર્ણ પગલા ભરવા જરૂરી છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે કોઈ સારા સમાચાર મળશે. જૂના રોકાણોથી સારા પરિણામ મળશે.

મકર : વિદ્યાર્થીઓ ઈચ્છિત ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનો માર્ગ મોકળો થશે. આજે જીવનમાં રચનાત્મક કાર્યને બદલે પ્રેમ, રોમાંસ અને ભાગ્યને વધુ મહત્વ આપવામાં આવશે.

કુંભ : આ દિવસે કામકાજની બાબતો સિવાય તમારું ધ્યાન આનંદમાં રહેશે નહીં તો તમને એકાંતમાં રહેવું ગમશે. મનમાં સંતોષ જોવા મળશે, પરંતુ અંદરથી કોઈ ચોક્કસ કાર્ય માટે ચિંતા રહેશે. અગાઉ કરેલા શુભ કાર્યોના કારણે પણ સારા સમાચાર મળવાની સંભાવના છે.

મીન : દિવસની શરૂઆત ચિંતા અને ઉત્તેજનાથી થશે. આ સાથે આરોગ્યની ફરિયાદો પણ થશે. ભાવનાઓમાં ડૂબીને કોઈને પણ તમારા મન વિશે જણાવશો નહીં, નહીં તો ભવિષ્ય માટે સમસ્યાઓ ઊભી થઈ શકે છે. નવા કાર્યો શરૂ કરવા માટે દિવસ સારો નથી.

# રાજસ્થાનમાં આરએસએસ કન્વીનરની હત્યા બાદ ચિત્તોડગઢમાં તણાવ, શહેરમાં૧૪૪ લાગુ

જયપુર,

રાજસ્થાનના ચિત્તોડગઢમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના કન્વીનરની હત્યા બાદ તણાવ પ્રવર્તી રહ્યો છે. જણાવવામાં આવી રહ્યું છે કે મૃતક એક સામાજિક કાર્યક્રમમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા ત્યારે પરસ્પર ઝઘડા બાદ અન્ય સમુદાયના ત્રણ-ચાર યુવકોએ તેમના પર હુમલો કર્યો હતો,ત્યારબાદ રતન સોનીનું અવસાન થયું હતું. જેના લીધે હિન્દુ પક્ષના હજારો લોકોએ શહેરના મુખ્ય ચોક પર આખી રાત પ્રદર્શન કર્યુ અને આરોપીઓની ધરપકડની માંગ કરી હતી.

આ ઘટના કચ્છી બસ્તી વિસ્તારમાં ઘટી હતી . અહીં કેટલાક યુવકોએ પરસ્પર ઝઘડાને લઈને રત્ન સોની પર હુમલો કર્યો હતો. જેમાં રતન સોનીને ઈજા થઈ હતી. આ પછી ઉદયપુર હોસ્પિટલ લઈ જતા રસ્તામાં તેમનું મોત થયું હતું. રતન સોનીના મૃત્યુના સમાચાર સાંભળતા જ હિન્દુ સંગઠનોમાં રોષ ફેલાયો હતો. આ પછી શહેરના સુભાષ સ્કવેર ખાતે હજારો લોકોએ આરોપીઓની ધરપકડની માંગ સાથે આખી રાત પ્રદર્શન કર્યું.

હિન્દુ સંગઠનોના વિરોધને જોતા પોલીસે બે લોકોની અટકાયત કરી છે. ઘટના બાદ પોલીસ સતર્ક થઈ ગઈ હતી. આ પછી શહેરમાં મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી છે.એકઠા થયેલા લોકોએ આરોપીઓની ધરપકડની માંગ સાથે હોબાળો મચાવ્યો હતો અને કલેક્ટર ચોકડીથી કોતવાલી પોલીસ સ્ટેશન સુધીનો રસ્તો બ્લોક કરી દીધો હતો. જોકે, પોલીસની સમજાવટ બાદ જ મામલો થાળે પડ્યો હતો. શહેરમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. આ ઉપરાંત પોલીસે આરોપીઓની પણ શોધખોળ શરૂ કરી છે. કહેવામાં આવી રહ્યું છે કે માથામાં ઈજાના કારણે રતન સોનીનું મોત થયું છે.

# રાજકોટમાં પાસપોર્ટ માટે ૨૦,૦૦૦ની લાંચ માંગનાર જમાદાર સામે ફરિયાદ દાખલ

રાજકોટ,

રાજકોટ શહેરમાં લોકોએ સરકારી અધિકારીઓ તેમજ કર્મચારીઓ પાસે પોતાનું કાયદેસરનું કામ કરાવવા પણ લાંચ આપવી પડતી હોય તે પ્રકારનો કિસ્સો સામે આવ્યો છે. પાસપોર્ટ કઢાવવા જેવી બાબતમાં પોલીસ કમિશનર કચેરીમાં ફરજ બજાવતા જમાદાર મયુર અને તેના વચેટિયાએ લાંચ લીધી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. વીડીયો વાયરલ થયાના ગણતરીના દિવસમાં પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં જમાદાર મયુર અને તેના વચેટિયા ચંદ્રશેખર સામે ગુનો નોંધાયો છે. આ ગુના સબબ બંનેની અટકાયત પણ કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. રાજકોટ શહેરના પૂર્વ પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ કમિશન કાંડમાં સંડોવાયા બાદ ક્રાઈમ બ્રાંચના પી.આઈ, પી.એસ.આઈ સહિતનાને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જ્યારે કે રાજ્યના ગૃહ વિભાગ દ્વારા મનોજ અગ્રવાલની જૂનાગઢ ખાતે બદલી કરવામાં આવી હતી. ત્યારબાદ બે મહિના સુધી રાજકોટ શહેરની કમાન ઈન્ચાર્જ પોલીસ કમિશનર તરીકે ખુર્શીદ અહેમદ પાસે હતી. આ સમય દરમિયાન પણ રાજકોટ પોલીસ અનેક વિવાદોમાં સપડાઈ હતી. આખરે રાજ્ય સરકાર દ્વારા રાજકોટ શહેર પોલીસ કમિશનર તરીકે રાજુ ભાર્ગવની નિયુક્તિ કરવામાં આવી છે. રાજુ ભાર્ગવની પોલીસ કમિશનર તરીકે નિયુક્તિ થતાની સાથે જ વધુ એક વખત શહેર પોલીસ વિવાદમાં સપડાતા તાત્કાલિક અસરથી રાજુ ભાર્ગવે ગુનાહિત કૃત્ય આચરનાર જમાદાર અને તેના વચેટિયા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

પોલીસના જણાવ્યા પ્રમાણે ફરિયાદીએ પાસપોર્ટ કામ બાબતે ચંદ્રશેખર સાથે ૨૯/૪ થી લઈ ૨૬/૫ સુધી અનેક વખત વાતચીત કરી છે. ફરિયાદીને આરોપીએ એવું જણાવ્યું હતું કે, બ્રિજેશભાઈનો પાસપોર્ટ કઢાવવો ખૂબ જ અઘરું છે. પાસપોર્ટ કઢાવવો હોય તો તેના ૨૦,૦૦૦ રૂપિયા થશે. દરમિયાન પોલીસ કમિશનર કચેરી થોડેક દૂર ગીરનાર સામે આવેલી પાનની દુકાને ફરિયાદી પોતાના ખિસ્સામાં રહેલા રૂપિયા ૧૦,૦૦૦ જમાદાર મયુરભાઈને લાંચ પેટે આપ્યા હતા. ફરિયાદી પાસેથી મેળવેલા પૈસા મયુરભાઈ પોતે ગણી રહ્યા હોય તે પ્રકારનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. સમગ્ર મામલે પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં ભ્રષ્ટાચાર અટકાવવાના અધિનિયમની જુદી જુદી કલમો હેઠળ આરોપી મયુર અને ચંદ્રશેખર વિરોધ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી પ્રમોદ દીયોરા તરફથી હાથ ધરવામાં આવી છે.

# પેટ્રોલ-ડીઝલ પર લાગતા વેટમાંથી દેશના અલગ-અલગ રાજ્યોની કુલ મળીને ૪૯,૨૨૯ કરોડ રૂપિયાની આવક

નવીદિલ્હી,

પેટ્રોલ અને ડીઝલમાં ભાવ વધારો થઈ રહ્યો છે તેના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના લોકોને પરિવારનું ગુજરાન ચલાવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ કહેવાનું કારણ એ છે કે, પેટ્રોલ ડીઝલમાં ભાવ વધારો થવાથી તમામ જીવન જરૂરિયાતની વસ્તુઓમાં ભાવ વધારો થાય છે. પેટ્રોલ ડીઝલમાં ભાવ વધારો થયો હોવાથી ટ્રાન્સપોર્ટેશન મોંઘું થાય છે અને ટ્રાન્સપોર્ટેશન મોંઘી થવાથી ખાદ્ય પદાર્થથી લઈને તમામ ચીજવસ્તુઓના ભાવમાં વધારો થાય છે અને અંતે ભાવવધારાનો સામનો સામાન્ય લોકોને કરવો પડી રહ્યો છે.

તો બીજી તરફ વેટમાંથી સૌથી વધારે આવક મેળવવામાં ગુજરાત દેશના બીજા ક્રમ પર આવે છે. પેટ્રોલીયમ પેદાશોના ટેકસના કારણે રાજ્ય સરકારને તગડી આવક થઈ રહી છે. સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડિયાના ઈકો રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૨માં પેટ્રોલ-ડીઝલ પર લાગતા ટેક્સ એટલે કે વેટમાંથી દેશના અલગ-અલગ રાજ્યોની કુલ મળીને ૪૯,૨૨૯ કરોડ રૂપિયાની આવક થઈ છે. અને દેશના તમામ રાજ્યોમાં વેટની આવક માંથી સૌથી વધારે આવક મેળવવામાં ગુજરાત બીજા નંબર પર આવે છે. ગુજરાતને વેટની ૫,૬૫૯ કરોડ રૂપિયાની આવક થઈ છે. એટલે જો રાજ્ય સરકાર ધારે તો પેટ્રોલમાં લિટર દીઠ ૩ રૂપિયા અને ડીઝલમાં લિટર દીઠ ૨ રૂપિયાનો ઘટાડો કરી શકે છે. જો સરકાર આ ભાવમાં ઘટાડો કરે તો ટેકસની આવકમાંથી સરકારને માત્ર ૮૫૨ કરોડ રૂપિયાનો ઘટાડો થશે.

મહત્વની વાત છે કે, ગત નાણાકીય વર્ષમાં કોરોના અને રશિયા યૂક્રેન વચ્ચે યુદ્ધની પરિસ્થિતિ ચાલી રહી છે. તેને લઈને ઈન્ટરનેશનલ માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો છે અને ક્રૂડ ઓઈલનો ભાવ ૧૩૯ ડોલર પ્રતિ બેરલની સર્વોચ્ચ સપાટી પર પહોંચી ગયો છે અને તેના કારણે ગુજરાતમાં પેટ્રોલ ૧૦૫ ડોલર પ્રતિ બેરલના સ્તર પર પહોંચી ગયો હતો. તો હાલ ભાવ વધારો શરૂ થયો છે અને હાલ ૧૨૦ ડોલર પર ક્રૂડ ઓઈલ ટ્રેડ થઈ રહ્યું છે અને આ જ કારણે પેટ્રોલિયમ કંપનીઓ દ્વારા પેટ્રોલ ડિઝલના ભાવમાં ફરી વધારો કરવામાં આવે તેવી સંભાવનાઓ દેખાઈ રહી છે.

મહત્વની વાત એ છે કે, ૨૧મે ના રોજ કેન્દ્ર સરકારે પેટ્રોલિયમ પેદાશ પર ડ્યૂટીમાં ઘટાડો કર્યો પરંતુ ગુજરાતની સરકાર દ્વારા હજુ સુધી પેટ્રોલ ડીઝલ પર વેટ લેવામાં આવે છે તેમાં ઘટાડો કર્યો નથી. અગાઉ જ્યારે ૨૦૨૧માં દિવાળીના સમયે કેન્દ્ર સરકારે ડ્યૂટીમાં ઘટાડો કર્યો હતો તે સમયે તાત્કાલિક ગુજરાત સરકારે પણ પેટ્રોલ-ડીઝલ પર લાગતા વેટમાં ઘટાડો કર્યો હતો પરંતુ હવે જ્યારે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે રાજ્ય સરકાર પેટ્રોલ-ડીઝલના ભાવમાં બેથી ત્રણ રૂપિયાની રાહત આપી શકે તેવી શક્યતાઓ પણ દેખાઈ રહી છે.

એવી પણ માહિતી મળી રહી છે કે, જો ડીઝલ પર તમામ રાજ્યો માત્ર ૧ રૂપિયાનો વેટ ઘટાડે તો આશરે ૯૫૦૦ કરોડની ખોટ થઈ શકે છે અને પેટ્રોલ પર ૧ રૂપિયાનો ઘટાડવામાં આવે તો આશરે ૪૫૦૦ કરોડનું નુકસાન થઈ શકે છે.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

## દાહોદ જિલ્લાના ફતેપુરાના ભીચોર પ્રાથમિક શાળામાં

# નાના બાળકોને મધ્યાન ભોજન અંતર્ગત આપવામાં આવેલ અનાજ સડેલું

## બાળકોના આરોગ્ય સાથે થઈ રહ્યા છે ચેડા : તંત્રને બાળકોની કશું પડી જ નથી?

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરાના ભીચોર પ્રાથમિક શાળામાં મધ્યાન ભોજન અંતર્ગત બાળકોને આપવામાં આવેલા ચોખા સડેલા અને અખાદ્ય આપવામાં આવતા વાલીઓમાં રોષ જોવા મળ્યો હતો.

સરકાર દ્વારા બાળકો મધ્યાન ભોજનમાં પૌષ્ટિક અને ગુણવત્તાસભર ભોજન આપવા માટેના પરિપત્રો જાહેર કરવામાં આવ્યા છે. બાળકો ને આપવા આવતા અનાજને પહેલા આચાર્ય તેમજ શિક્ષકો દ્વારા ચકાસણી કર્યા બાદ આપવામાં આવતું હોય છે, પરંતુ ભીચોર પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા આ પરિપત્રના જાણે કે ધજાગરા ઉડતા જોવા મળી રહ્યા છે. જયારે આ અનાજ આચાર્ય દ્વારા જાતે જ વિતરણ કરવામાં આવ્યું હોવાનું બાળકો તેમજ બાળકોના વાલીઓ દ્વારા જણાવી રહ્યું છે. જે બાબતે આચાર્યનો સંપર્ક કરતા આચાર્ય જવાબ આપવાનું ટાળ્યું હતું.



સડેલા ચોખા મળી આવતા આચાર્યનો સંપર્ક કરતા આચાર્ય દ્વારા અલ્લાતલા કરતા હતો. જયારે બાળકોના વાલીઓ દ્વારા આચાર્યનો સંપર્ક કરતા આચાર્ય એ એસ.એમ.સી સભ્યો ની હાજરીમાં આપ્યા હતા અને અમે વિતરણ કર્યા છે તેવું વાલીઓને જણાવ્યું હતું. તો શું શાળાના આચાર્યને પણ બાળકોના આરોગ્ય સાથે ખિલવાડ કરી રહ્યા છે ? શુ આચાર્યને બાળકોની કશું જ પડી નથી? જેવા અનેક સવાલો ગામ લોકો દ્વારા ચર્ચાઈ રહ્યા છે.

જયારે આ બાબતે મામલતદાર ફતેપુરા અને નાયબ મામલતદાર સાથે સંપર્ક કરતા ફોન રીસિવ કર્યો ન હતો. ત્યારબાદ નાયબમામલતદાર દ્વારા પણ ફોન રિસિવ કરવા આવ્યો ન હતો.

પુરવઠા વિભાગના ડેપો મેનેજરને પુછતાં તેમણે જણાવ્યું હતું કે, અમારી પાસો આવો કોઈ મુદ્દો આવ્યો નથી અને કોઈ પણ મધ્યાહન ભોજન માટે મોકલવામાં આવતા ચોખા કે કઠોળને અમે અહીંયા લેબ ટેસ્ટ કરી અને ત્યારબાદ જ મોકલીએ છીએ. તો શું ભીચોર ગામની શાળામાં મળી આવેલા ચોખાની ચકાસણી કરવામાં આવી નહોતી કે પછી લેબ ટેસ્ટની વાતો પોકળ છે ?

સવાલ એ છે કે, જો ગોડાઉન માંથી આનાજ ચકાસણી કર્યા બાદ ટેસ્ટ કર્યા પછી જ આનાજ નો જથ્થો મોકલવા મા આવે છે તો આ સડેલા ચોખા આવ્યા કયાં થી તેવા અનેક સવાલો છે કે પછી ચકાસણી કરવાની વાતો હવામાં ગોળીબાર સમાન છે ? એક તરફ બાળકોને કુપોષણથી બચાવવા માટે સરકાર દિવસરાત એક કરી ગુજરાતના કુપોષિત બાળકોના આંકડા ઓછા કરવા માટે મહેનત કરી રહી છે અને બીજી તરફ આવી હલકી ગુણવત્તાનું અનાજ બાળકો માટે મોકલી અને તેમના આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવી રહયા છે.

ભીચોર પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા કબૂલવામાં આવી રહ્યું છે કે, અમે બાકી રહેલા બાળકોને આનાજ વિતરણ કર્યું છે. જે ચોખા સડેલા હતા. વાલીઓ જોડે પણ આચાર્ય ની વાત થઈ છે અને આચાર્ય દ્વારા કહેવામાં આવ્યું છે કે, એસ.એમ.સી સભ્યોની હાજરીમાં ચોખા આપ્યા છે. તો બાળકો સાથે જાણી જોઈને આરોગ્ય સાથે છેડા કરી રહ્યા છે. જેવા અનેક સવાલો વાલીઓના મનમાં ઉઠી રહ્યા છે. ફતેપુરા પુરવઠા વિભાગ દ્વારા સબ સલામતીની વાતો કેમ કરવામાં આવી રહી છે ? તો શું આ તંત્રની મિલી ભગત છે કે, બધું લોલામલોલ ચાલી રહ્યું છે.

## દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતના બનાવમાં પાંચ દિવસના બાળક સહિત ત્રણના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં એક પાંચ દિવસના બાળક સહિત ત્રણના મોત નીપજતાં પરિવારરમાં માતમ છવાઈ ગયો હતો.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના વાંદર ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૩૦મી મેના રોજ એક પેસેન્જર ભરેલ છકડાના ચાલકે પોતાના કબજાનો છકડો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી વાંદર ગામે છકડો પલ્ટી ખવડાવી દીધો હતો જેને પગલે અંદર બેઠેલ મગનભાઈ મોહનભાઈ બારીઆ (રહે. વડભેટ, કાચલા ફળિયા, તા. દેવગઢ બારીઆ, જિ.દાહોદ)ના છકડામાંથી ફંગોળાઈ જમીન પટકાતાં તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. સારવાર દરમ્યાન મગનભાઈનું મોત નીપજતાં આ સંબંધે વડભેટ ગામે કાચલા ફળિયામાં રહેતાં રમેશભાઈ મગનભાઈ બારીઆએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ લીમખેડા તાલુકાના દુધીયા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૩૧મી મેના રોજ લીમખેડા તાલુકાના પ્રતાપપુરા ગામે રેલ ફળિયામાં રહેતાં લક્ષ્મણભાઈ વિઠ્ઠલભાઈ વણકર તેમની પત્નિ લક્ષ્મીબેન અને તેમનો નવજાત પાંચ દિવસના બાળકને લઈ એમ ત્રણેય જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ દુધીયા ગામેથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે એક ટેમ્પાના ચાલકે પોતાના કબજાનો ટેમ્પો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી લક્ષ્મણભાઈની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં ત્રણેય જણા મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચતાં લક્ષ્મણભાઈ તથા તેમના પાંચ વર્ષના નવજાત બાળકનું મોત નીપજ્યું હતું જ્યારે લક્ષ્મીબેનને શરીરે ઈજાઓ પહોંચતાં તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં છે. આ સંબંધે પ્રતાપપુરા ગામે રેલ ફળિયામાં રહેતાં ગુલાબસિંહ વિઠ્ઠલભાઈ વણકરે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડા તાલુકાના દાભડા નજીક હાઈવે પર ટેન્કર તેમજ ST બસ વચ્ચે અકસ્માત : ટેન્કર ચાલક સહિત ૧૦ મુસાફરો ઈજાગ્રસ્ત

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના દાભડા ગામે હાઇવે પર વહેલી સવારે ટેન્કર તેમજ એસટી બસ વચ્ચે માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં ટેન્કરના ચાલક તેમજ બસમાં મુસાફરી કરી રહેલા ૭ થી ૧૦ મુસાફરોને ઈજાઓ પહોંચતા તેઓને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યું છે. જોકે આ બનાવમાં સદનસીબે કોઈ જાનહાની થવા પામી નહોતી.



પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ જિલ્લાના લીમખેડા નજીક દાભડા ગામે આજરોજ સવારના સાત વાગ્યાના સુમારે Gj-18-Z-1617 નંબરની એસટી બસ ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પરથી પસાર થઇ રહી હતી. તે સમયે પાછળથી પુરઝડપે આવી રહેલા MH-08-GA-8352 નંબરના ટેન્કર ચાલકે એસટી બસને જોરભેર ટક્કર મારતા એસટી બસમાં મુસાફરી કરી રહેલ ૭થી ૧૦ મુસાફરો તેમજ ટેન્કર ચાલક ઈજાગ્રસ્ત થતાં તેઓને તાબડતોડ ૧૦૮ મારફતે સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યા હતા. વહેલી સવારે સર્જાયેલા માર્ગ અકસ્માતના બનાવમાં એસ.ટી.બસ તેમજ ટેન્કર ક્ષતિગ્રસ્ત બનવા પામ્યા હતા. જોકે, આ બનાવમાં સદ્દનસીબે કોઇ જાનહાની થવા પામી હતી.

## ફતેપુરા તાલુકા મનરેગા યોજનાની તપાસમાં કરાર આધારીત અને આઉટ સોર્સીંગ કર્મચારીઓએ ૪૮.૩૯ લાખનું કૌભાંડ : ૮ કર્મીઓને ફરજ મુકત કરાયા

**સ્થાનિક ટીમની તપાસમાં તથ્ય મળતાં તાત્કાલિક પાણીચું**
**૪૮.૩૯ લાખ રૂપિયાની ગેરરીતિનું કૌભાંડ સામે આવ્યું**
**જૂના કામો ઉપર મંજૂરી મેળવી નાણાકીય ગેરરીતિ આચરી**

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં મનરેગા યોજનામાં જુના કામો ઉપર મંજુરી મેળવીને કૌભાંડ આચરવાનો પર્દાફાશ થતાં ખળભળાટ મચી ગયો છે.

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં મનરેગા યોજનામાં જુના કામો ઉપર મંજુરી મેળવીને કૌભાંડ આચરવામાં આવી રહ્યું હોવાની ગુજરાત તકેદારી આયોગમાં અરજી થઇ હતી. આ મામલે જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ ટીમની રચના કરીને તેની તલસ્પર્શી તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. તપાસ દરમિયાન યોજનામાં કરાર આધારિત અને આઉટ સોર્સિંગથી ભરતી કરાયેલા કર્મચારીઓ દ્વારા જુના કામો ઉપર મંજુરી મેળવીને ૪૮.૩૯ લાખ રૂપિયાનું કૌભાંડ આચર્યુ હોવાનું પ્રકાશમાં આવ્યુ હતું. ત્યારે આ મામલે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સી.બી બલાતે ડીડીઓ નેહાકુમારીને રિપોર્ટ કર્યો હતો.

ડીડીઓ નેહાકુમારીએ મનરેગા શાખામાં ફરજ બજાવતાં તમામ દસેય કર્મચારીઓને તાત્કાલિક અસરથી ફરજ મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. કૌભાંડ આચરનારા કર્મચારીઓ સામે નાણાની રિકવરી સાથે આગામી દિવસોમાં પોલીસ ફરિયાદ પણ નોંધાશે તેવું જાણવા મળ્યું છે.

> શેહશરમ વગર કડક કાર્યવાહી કરાશે ફતેપુરા તાલુકામાં ગેરરીતિની વાત સામે આવતાં ટીમ બનાવી તપાસ કરાવી હતી. તેમાં ગેરરીતિ ફલિત થઈ હતી. આ પ્રકરણમાં દસ કર્મચારીઓને તાત્કાલિક અસરથી ફરજમુક્ત કરી દેવાયા છે. આ પ્રકારની કોઈપણ ગેરરીતિ સામે આવશે તો શહેશરમ વગર કડક કાર્યવાહી કરવામાં આવશે.
> **નેહાકુમારી, જિલ્લા વિકાસ અધિકારી, દાહોદ.**

### કૌભાંડમાં કોના-કોના નામ સામે આવ્યા

- શૈલેષભાઈ સંગોડ-તત્કાલીન એપીઓ, મનરેગા, તા.પં. ફતેપુરા.
- રીપલભાઈ ડોડીયા-એપીઓ., મનરેગા, તા.પં. ફતેપુરા.
- અતુલકુમાર કતીજા-તત્કાલીન એડબલ્યુએમ, મનરેગા, તા.પં. ફતેપુરા.
- દીપક લબાના-તત્કાલીન ટીએ, મનરેગા, તા.પં. ફતેપુરા.
- રાકેશ કટારા-તત્કાલીન ટીએ, મનરેગા, તા.પં. ફતેપુરા.
- વિજય પારગી-ટીએ, મનરેગા, તા.પં. ફતેપુરા.
- કલ્પેશ ચૌહાણ-એકાઉન્ટ આસી., મનરેગા, તા.પં. ફતેપુરા.
- રમેશ મછાર-એમઆઈએસ., મનરેગા, તા.પં. ફતેપુરા.
- બાબુભાઈ પંડોર-જીઆરએસ., મનરેગા, તા.પં. ફતેપુરા.
- અરૂણકુમાર ગરાસીયા-બીએફટી, મનરેગા, તા.પં. ફતેપુરા.

## ફતેપુરા તાલુકાના સાગડાપાડા ગામે ભાજપાની કારોબારી મિટીંગ યોજાઇ

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરાના સાગડાપાડા ગામે ભારતીય જનતા પાર્ટીની સંજેલી તથા ફતેપુરા મંડળની કારોબારી નું આયોજન ભારતીય જનતા પાર્ટીના જિલ્લા પ્રમુખ શંકરભાઈ અમળિયારના ગામે આજે યોજવામાં આવી હતી. આ સાથે આજે ભાજપ જિલ્લા પ્રમુખ શંકરભાઈ અમાલિયર નો જન્મ દિવસ હોઈ તેમને સાંસદ જસવંતસિંહ ભાભોર, પૂર્વ મંત્રી બચુભાઇ ખાબડ, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, મહામંત્રીઓ નરેન્દ્ર સોની, સ્નેહલ ધરિયા, કનૈયાલાલ કિશોરી, ઝોન પ્રભારી દાહોદ ભરતસિંહ સોલંકી સુધીર લાલપૂરવાળા, ભાજપના જિલ્લાના તાલુકા હોદ્દેદારોએ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી તથા દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના સાગડાપાડા ગામે ભારતીય જનતા પાર્ટીની સંજેલી તથા ફતેપુરા મંડલ કારોબારી યોજાઇ અને જિલ્લા પ્રમુખ શંકરભાઈના જન્મ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.




આ કારોબારીમાં ગુજરાત વિધાન સભાના દંડક રમેશભાઈ કટારા, સાંસદ જસવંતસિંહ ભાભોર, પૂર્વ મંત્રી બચુભાઇ ખાબડ એ કાર્યકર્તાઓ ને સંબોધન કરી ભૂતકાળમાં કરેલી ભૂલો સુધારવાની વાત કરી હતી. જ્યારે જસવંતસિંહ કહ્યું હતું કે આપડે પેજ જીતીશું, બુથ જીતીશું, મંડલો જીતીશું તોજ વિધાનસભા જીતીશું. આપડા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપણને વિશ્વની સૌથી મોટી પાર્ટી આપી છે. પૂરા વિશ્વમાં ભાજપનું રાજ છે અને નરેન્દ્ર મોદીએ શિમલા થી વાત કરી કે સિત્તેર વર્ષમાં કોંગ્રેસ એ ગરીબો માટે કંઈ કર્યું નથી. આપડા તાલુકા, જિલ્લા સભ્યો અને સરપંચોએ સરકારના દરેક કામોના ઘેર ઘેર જઈ તમે આ બધી યોજનાઓ ને યાદ કરાવી લાભાર્થીઓ ને સરકારની સિદ્ધિઓ ગણાવી પડશે તો આપડે મતદારોના મત મેળવીશું તેવું કહ્યું હતું.

શંકર ભાઈના જન્મ દિવસ નિમિતે સામાજિક સમરસતા, વિધવા સહાય અને સૂપોષણ કીટ તેમના દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ તથા તેમના પરિવારે દલિતો સાથે પોતાના ઘરે તેમની સાથે ભોજન લઇ સામાજિક સમરસતાનું એક આગવું ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું.

## ફતેપુરા તાલુકાના કંથાગર ગામે વ્યાજખોરોની પઠાણી ઉઘરાણી તેમજ અવાર નવાર હેરાનગતિ ત્રાસેલા ઈસમે પોલીસ મથકના દ્વાર ખટખટાવ્યા




તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

દાહોદ જિલ્લામાં ગેરકાયદે વ્યાજનો ધંધો કરતાં મોટા માથાઓ તેમજ માથાભારે તત્વોનો દિનપ્રતિદિન ત્રાસ વધવા માંડ્યો છે ત્યારે વધુ એક વ્યાજખોરના ત્રાસથી એક વ્યક્તિએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે જેમાં દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કંથાગર ગામે ૧ લાખ વ્યાજે આપ્યાં બાદ મુડી સહિત વ્યાજ મળી કુલ રૂા.૧,૪૮,૫૦૦ વ્યક્તિએ ચુકવી દીધાં બાદ પણ વ્યક્તિના ઘરે જઈ ઉઘરાણી કરી ધાકધમકીઓ અપાતા વ્યાજખોરના ત્રાસથી વ્યક્તિએ પોલીસમાં ફરિયાદ નોંધાંવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ફતેપુરા તાલુકાના કંથાગર ગામે ઉસરા ફળિયામાં રહેતાં ચંદુભાઈ રામાભાઈ નિનામાએ તારીખ ૧૪મી મેના રોજ ગામમાં રહેતાં રાયસીંગભાઈ વાલાભાઈ મછાર પાસેથી વ્યાજે રૂા.૧,૦૦,૦૦૦ લીધાં હતાં ત્યાર બાદ ચંદુભાઈના ઘરે ચાંદલા વિધિ હોઈ ચાંદલામાં પડેલ રૂા.૧,૪૩,૧૦૩ રાયસીંગભાઈ ચંદુભાઈના ઘરેથી આવી લઈ ગયાં હતાં ત્યારે ચાંદલાના રૂપીયામાંથી ચંદુભાઈએ રાયસીંગભાઈ પાસેથી ૨૫,૦૦૦ માંગતાં રાયસીંગભાઈએ ૪૦,૦૦૦ આપ્યાં હતાં અને માસીક ૧૦ ટકા લેખે વ્યાજ લેવાનું જણાવી ચંદુભાઈ પાસેથી ૧,૪૮,૫૦૦ વ્યાજ સહિત લઈ લીધાં હતાં તેમ છતાંય પૈસાની અવાર નવાર ઉઘરાણી કરી ચંદુભાઈના ઘરે આવી સતામણી કરી રાયસીંગભાઈએ ૨,૮૦,૦૦૦ માંગુ છું, તેમ કહી રાયસીંગભાઈ તથા તેમની સાથેના મહેશભાઈ રાયસીંગભાઈ મછાર બંન્ને જણા ચંદુભાઈને હેરાન પરેશાન કરતાં વ્યાજખોરના ત્રાસથી પરેશાન ચંદુભાઈ રામાભાઈ નિનામાએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાલ્મીકી સહિત દલીત સમાજને માન આપ્યું : વિધવાઓને સાડીઓનું વિતરણ કર્યું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ભારતીય જનતાના પ્રમુખ શંકરભાઈ અમલીયારો આજે જન્મ દિવસ હોઈ શંકરભાઈ અમલીયારે પોતાનો જન્મ દિવસ સામાજીક સમરસતાથી ઉજવ્યો હતો. દલિત, ગરીબોને જમાડ્યાં હતાં અને વિધવા મહિલાઓને સાડીઓનું વિતરણ કર્યું હતું. સાથે સાથે કારોબારી મંડળની સભાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. શંકરભાઈ અમલીયારના જન્મ દિવસે તમામે તેઓને શુભેચ્છાઓનો વરસાદ વરસાવ્યો હતો. દાહોદ જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શંકરભાઈ અમલીયારનો આજે જન્મ દિવસ નિમિત્તે જિલ્લા ભારતીય જનતા પાર્ટીના તમામ હોદ્દેદારો, કાર્યકરો, અગ્રણીઓ તેમજ તેમના હિતેચ્છુઓએ જન્મ દિવસની તેઓને શુભેચ્છાઓ પાઠવી હતી. ટેલીફોનીક તેમજ સોશીયલ મીડીયાના માધ્યમથી જન્મ દિવસની શુભેચ્છાઓનો વરસાદ વરસ્યો હતો. શંકરભાઈ અમલીયારે તેમનો જન્મ દિવસ સાદાઈથી ઉજવ્યો હતો. સામાજીક સમરસતા રીતે જન્મ દિવસની ઉજવણી કરી દલિત, ગરીબોને ભોજન કરાવ્યું હતું. સાથે સાથે વિધવા મહિલાઓને સાડીઓનું વિતરણ પણ કર્યું હતું. ભારતીય જનતા પાર્ટીની સંજેલી તથા ફતેપુરા મંડલ કારોબારી યોજાઇ અને જિલ્લા પ્રમુખ શંકરભાઈના જન્મ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કારોબારીમાં ગુજરાત વિધાન સભાના દંડક રમેશભાઈ કટારા, સાંસદ જસવંતસિંહ ભાભોર, પૂર્વ મંત્રી બચુભાઇ ખાબડ એ કાર્યકર્તાઓ ને સંબોધન કરી ભૂતકાળમાં કરેલી ભૂલો સુધારવાની વાત કરી હતી.

## દાહોદ દર્પણ સિનેમા રોડ ખાતે મહિલાના પર્સ માંથી ૫૦ હજાર સેરવી ચોર ફરાર

દાહોદ,

દાહોદ શહેરના દર્પણ સિનેમા રોડ ખાતેથી એક મહિલાના પર્સમાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમે પોતાનો કસબ અજમાવી રોકડા રૂા.૫૦,૦૦૦ સેરવી લેતાં વિસ્તારમાં સ્તબ્ધતા સાથે ચકચાર મચી જવા પામી હતી.

દાહોદ શહેરમાં ખિસ્સા કાતરૂ સહિત તડફંચી કરતાં ગઠીયાઓનો ત્રાસ દિનપ્રતિદિન વધવા માંડ્યો છે. ભીડભાડવાળી જગ્યાએ આવા ગઠીયાઓ પોતાનો કસબ અજમાવી રોકડ સેરલી લેતાં હોય છે ત્યારે ગત તા.૩૦મી મેના રોજ આરતીબેન સુભાષભાઈ ભુરીયા (રહે. અંતરવેલીયા, પ્રતાપપુરા ફળિયા, તા. ઝાલોદ, જિ. ઝાબુઆ, મધ્યપ્રદેશ)ના દાહોદ ખાતે આવ્યાં હતાં અને તેઓ દાહોદ શહેરના દર્પણ સિનેમા રોડ ખાતે ઓમ હોસ્પિટલ ખાતેથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે અજાણ્યા ચોર ઈસમે પોતાનો કસબ અજમાવી આરતીબેનના પર્સમાં મુકી રાખેલ ૫૦૦ના દરની કુલ ૧૦૦ નોટોનું બંડલ કિંમત રૂા. ૫૦,૦૦૦ની નજર ચુકવી ચોરી કરી લઈ નાસી જતાં વિસ્તારમાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

આ સંબંધે આરતીબેન સુભાષભાઈ ભુરીયાએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆના લવારીયા ગામે આઠ વર્ષ અગાઉ પત્નીને ભગાડી જવાના મામલે બે ભાઈઓએ મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના લવારીયા ગામે આઠ વર્ષ અગાઉ એકની પત્નિને ભગાડી લઈ ગયાં બાદ આ મામલે તેને પુછતાં બે ભાઈઓએ ભેગા મળી એકને લાપટો ઝાપટો મારી તેમજ ઝપાઝપા કરી ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે. દેવગઢ બારીઆ તાલુકાના લવારીયા ગામે વાસ ફળિયામાં રહેતાં અરવિંદભાઈ તેરસીંગભાઈ બારીઆની પત્નિને આઠ વર્ષ અગાઉ તેમના ગામમાં રહેતો લાલભાઈ જેઠાભાઈ બારીઆ ભગાડી લઈ ગયો હતો અને પત્નિ તરીકે રાખતો હતો. ત્યારે ગત તા.૨૪મી મેના રોજ અરવિંદભાઈને લાલભાઈ રસ્તામાં મળતાં આ મામલે કહેલ કે, તું મારી પત્નિને ભગાડી લઈ ગયો છે અને હાલમાં મારી પત્નિ ક્યાં છે, તેમ કહેતાં લાલભાઈએ એકદમ ઉશ્કેરાઈ જઈ કહેલ કે, તારી પત્નિ મારી પાસે છે અને હું તેને આઠ વર્ષથી રાખુ છું, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ લાલભાઈ અને તેમની સાથે તેમનો ભાઈ કાળુભાઈ જેઠાભાઈ બારીયાએ બંન્નેએ ભેગા મળી અરવિંદભાઈ સાથે ઝપાઝપી કરી. અરવિંદભાઈને લાપટો ઝાપટો મારી તેમજ ગડદાપાટ્ટુનો મારમારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત અરવિંદભાઈ તેરસીંગભાઈ બારીઆએ સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.238

# ગોધરા તાલુકામાં સરકારી અનાજ મેળવતા રેશનકાર્ડ ધારકોની આર્થિક સ્થિતી સારી હોય તો NFSA યોજનામાં નામ રદ કરવા અપીલ

ગોધરા,
ગોધરા મામલતદાર કચેરી દ્વારા રેશનીંગકાર્ડ ધારક ૩૦ જુન ૨૦૨૨ સુધી એન.એફ.એસ.એ. યોજના અંતર્ગત રેશનકાર્ડ સ્વૈચ્છાએ રદ કરવા અપીલ કરાઈ તપાસ દરમિયાન આર્થિક સુખાકારી હોવાનો પુરાવો થતાં ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

ગોધરા તાલુકા મામલતદાર દ્વારા ૨૨ માર્ચ ૨૦૧૪ થી સરકારની જોગવાઈ મુજબ રેશનકાર્ડ થી વિતરણ કરાતું અનાજ ફકત ગરીબોની યોજના છે. યોજનામાં રેશનકાર્ડ ધારક જો ૪ પૈડાવાળું વાહન ધરાવતા હોય, કુટુંબનો સભ્ય સરકારી કર્મચારી હોય, કુટુંબની માસીક આવક ૧૦,૦૦૦/-થી વધુ હોય, કુટુંબનો સભ્ય આવક વેરો (ઈન્કમટેકસ) ચુકવતો હોય, કુટુંબ નિયત ધારાધોરણ કરતાં વધુ ખેતીની જમીન ધરાવતો હોય કુટુંબમાં કોઈ સભ્યને સરકારી પેન્શન મેળવતા હોય, કુટુંબ આર્થિક સુખાકારી ધરાવતા હોય તેવા રેશનકાર્ડ ધારકો ૩૦ જુન ૨૦૨૨ સુધી એન.એફ.એસ.એ. યોજના અંતર્ગત પોતાનું રેશનકાર્ડ માંથી સ્વૈચ્છાએ કમી કરવા માટે મામલતદાર કચેરી, પુરવઠા શાખામાં રેશનકાર્ડ જોડી અરજી સ્વરૂપે કરવાની રહેશે. આર્થિક સદ્ધરતા ધરાવતા રેશનકાર્ડ ધારકોની ૧૫ જુલાઈ ૨૦૨૨ પછી તપાસ ઝુંબેશ કરવામાં આવશે. તે દરમિયાન રેશનકાર્ડ ધારકની આર્થિક સદ્ધરતા સાબિત થશે તો વહીવટી તંત્ર દ્વારા ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે અને અગાઉ સરકારી અનાજ મેળવેલ હશે તેની વસુલાત કરવામાં આવશે.

# ગોધરા લીલેસરા રોડ તાહેરી ફર્નિચર ગોડાઉનમાં આગ લાગતાં લાખોનું ફર્નિચર બળીને ખાખ થયું



ગોધરા,
ગોધરા લીલેસરા રોડ ઉપર આવેલ તાહેરી ફર્નિચર ગોડાઉનમાં રાત્રીના સમયે અચાનક આગ લાગતાં ૩ ફાયર ફાયટરો દ્વારા ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો આગને લઈ ગોડાઉન માંથી લાખો રૂપીયાનું ફર્નિચર બળીને ખાખ થયું.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા લીલેસરા રોડ ઉપર આવેલ તાહેરી ફર્નિચરના ગોડાઉનમાં રાત્રીના સમયે કોઈ કારણોસર આગ લાગી હતી. ફર્નિચર ગોડાઉનમાં આગ લાગતાં ફાયર ફાયટરોને જાણ કરતાં ત્રણ ફાયર ફાયટરોએ ૩ કલાકની ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. તાહેરી ફર્નિચરના ગોડાઉનમાં આગને લઈ લાખો રૂપીયાનું ફર્નિચર બળીને ખાખ થતાં લાખો રૂપીયાનું નુકશાન થવા પામ્યું.

# BAPS સંસ્થાના કાર્યકરો દ્વારા વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત રેલી કાઢવામાં આવી



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
વિશ્વ વંદનીય સંત વિભૂતિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે બી.એ.પી.એસ. સંસ્થાના બાળ-બાલિકા પ્રવૃત્તિ દ્વારા સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્ર સહિત દેશમાં વ્યસન મુક્તિ અભિયાન અને પ્રકૃતિ સંવર્ધન અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે આજે ઘોઘંબા ખાતે એસ.એચ.વરીયા. હાઈસ્કૂલ થી એક વ્યસન મુક્તિ રેલી કાઢવામાં આવી હતી. જેમાં બી.એ.પી.એસ.સંસ્થા તરફથી પૂજ્ય શાસ્ત્રપ્રિય સ્વામી તથા અનંત મુનિ સ્વામી ઉપસ્થીત રહ્યા હતા અને ઘોઘંબા વિસ્તારના બાળ અને બાલિકા પ્રવૃત્તિ સંભાળતા કાર્યકરો તેમજ બાળકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને સ્વામિનારાયણ મંદિર સુધી આ રેલી સમગ્ર બજારમાં વિવિધ પ્લે કાર્ડ, બેનર સાથે ફરી હતી અને તમાકુ ગુટકા જેવા વ્યસનો થી મુક્ત થવાનો સંદેશ આપ્યો હતો.

બીજાના ભલામાં આપણું ભલું છે, બીજાના સુખમાં આપણું સુખ છે. આ જ જીવન ભાવના સાથે પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે સપોતાના જીવનકાળ દરમિયાન ૪૦ લાખથી વધુ લોકોને વ્યસનમુક્ત કર્યા હતા. તેમની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા દેશ-વિદેશમાં ૧૫ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર અને સંવર્ધન થયું છે. વીજળી અને પાણીની બચત માટે તેઓએ પોતાના જીવન દ્વારા અનેકને પ્રેરણાઓ આપી છે. આવા વિશ્વ વંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે અને ભારતની આઝાદીના અમૃત મહોત્સવ ઉપક્રમે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની બાળ-બાલિકા પ્રવૃત્તિ દ્વારા વ્યસનમુક્તિ અભિયાન અને પ્રકૃતિ સંવર્ધન અભિયાનનું આયોજન મે મહિનામાં કરવામાં આવ્યું હતું. સંસ્થાના હાલના વડા મહંતસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના ૧૬,૦૦૦ બાળકોના ૪૨૦૦ વૃંદ ઉનાળુ વેકેશનમાં વ્યસનમુક્તિ અભિયાનમાં જોડાયા હતા. ઘર, દુકાન, ઓફીસ, ફેક્ટરી, બસ સ્ટેશન, જાહેર સ્થળો વગેરે જગ્યાએ ફરીને આ બાળકોએ ૧૪ લાખ જેટલા લોકોનો વ્યક્તિગત સંપર્ક કર્યો હતો. દેશભરમાં યોજાયેલ આ અભિયાનમાં બાળકોએ વ્યસનથી થતા નુકસાનની વિગતવાર સમજૂતી લોકોને આપી હતી. તારીખ ૮ મે થી ૨૨ મે દરમિયાન યોજાયેલ આ અભિયાનમાં બાળકોએ કરેલા વિનમ્ર પ્રયાસના પરિણામે દેશભરના ૪ લાખ વ્યક્તિઓએ આજીવન વ્યસનમુક્ત રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ ઉપરાંત ૧૦ લાખ જેટલા લોકોએ અન્યને વ્યસનમુક્ત કરવાનો સંકલ્પ કર્યો હતો.

વ્યસનમુક્તિ અભિયાનની સમાંતર બી.એ.પી.એસ. સંસ્થાની ૧૪,૦૦૦ બાલિકાઓના ૩૩૦૦ વૃંદ દ્વારા સમગ્ર દેશમાં પ્રકૃતિ સંવર્ધન અભિયાન યોજાયું. દેશભરમાં યોજાયેલ આ અભિયાનમાં બાલિકાઓએ ઘરોઘર જઈને ૧૨ લાખ જેટલા લોકોને મુખ્ય ત્રણ સંદેશ આપ્યા. ૧.પાણી બચાવો, ૨.વીજળી બચાવો, ૩. વૃક્ષ વાવો. આ ત્રણેય સંદેશ માટે લોકો કેવા કેવા પગલાઓ ભરી શકે તે માટે બાલિકાઓ સૌને માર્ગદર્શન અને પ્રેરણાઓ આપી હતી.

# શહેરા સગીરાના અપહરણ અને પોકસોના આરોપીને ૩ માસ બાદ મુંબઈ થી ધરપકડ કરાઈ

શહેરા,
શહેરા પોલીસે ૩૫ વર્ષીય પરણીત અને એક પુત્રીના પિતા એવા અપહરણ અને પોક્સોના આરોપીને ૩ મહિના બાદ મુંબઈ થી ધરપકડ કરાઈ હતી. આરોપીએ ૧૭ વર્ષીય સગીરાનું શાળામાંથી અપહરણ કરી લગ્નના ઈરાદે ભગાડી જઈ ગુન્હાને અંજામ આપ્યો હતો.

શહેરા તાલુકા પંચાયતમાં ગ્રામ રોજગાર સેવક તરીકે તાલુકાના જ બોરીયા ગામનો રહેવાસી ૩૫ વર્ષીય ભરત ભુદરભાઈ કુંભાર નોકરી કરતો હતો અને શહેરાના એક વિસ્તારમાં પોતાની પત્ની અને એક પુત્રી સાથે ભાડે ઘર રાખી રહેતા હતા. વખત જતા ઘર માલિકની ધોરણ ૧૨માં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય સગીરા સાથે પ્રણયના તાર છેડી સગીરાને યૌન શોષણના ઈરાદે લગ્નની લાલચ આપી ૨૩મી ફેબ્રુઆરીના રોજ ચાલુ શાળા દરમિયાન પોતાની સાથે ક્યાંક ભગાડી ગયો હતો. બનાવના ત્રણ દિવસ સુધી સગીરાના પિતા દ્વારા પોતાના સગાસંબંધી તેમજ અન્ય જગ્યાએ પોતાની સગીરવયની પુત્રીની ભાળ મેળવવા માટે અથાગ પ્રયત્નો કર્યા હતા, પરંતુ કોઈ પરિણામ ન મળતા આખરે ૨૬મી ફેબ્રુઆરીના રોજ પોલીસનું શરણું લેતા આરોપી ભરત ભુદરભાઈ કુંભાર વિરૂદ્ધ અપહરણ અને પોક્સો મુજબની ફરિયાદ નોંધાવી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને લેતા વહેલામાં વહેલી તકે આરોપી અને સગીરાને પકડી પાડવા માટે પ્રયત્નો ચાલુ કરવામાં આવ્યા હતા. સતત ૩ મહિના સુધી તત્કાલીન પી.આઈ નીતિન ચૌધરી થી લઈ હાલના પી.આઈ રાહુલ રાજપૂત સુધીના અધિકારીઓએ વિશિષ્ટ રસ લઈ આ કેસની તેહ તક પહોંચી ઉકેલ લાવ્યા હતા. શહેરા પી.આઈ રાહુલ રાજપૂતની સૂચના અને માર્ગદર્શન મુજબ છેલ્લા એક મહિનાથી તેઓના નંબરની માહિતી મેળવી હ્યુમન સોર્સ અને ટેક્નિકલ સોર્સ થકી તેઓ મહારાષ્ટ્રના મુંબઈ ખાતે એક ફેક્ટરીમાં કામ કરી રહ્યા હોવાની વિગતો સાંપડી હતી. આથી શહેરા પોલીસના કર્મચારીઓ છેલ્લા એક સપ્તાહથી તેઓનું ચોક્કસ લોકેશન મેળવી મંગળવારના રોજ આરોપી ભરત અને સગીરાને પકડી પાડી શહેરા પોલીસ મથકે લાવવામાં આવ્યા હતા. શહેરા પોલીસે બુધવારના રોજ આરોપી ભરત અને સગીરાનું તબીબી પરીક્ષણ કરાવ્યું હતું અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોધરા ડોડપા લક્ષ્મીનગર ખાતે ૪૫ વર્ષીય આધેડએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

ગોધરા,
ગોધરા લક્ષ્મીનગર ડોડપા તળાવ પાસે રહેતા ૪૫ વર્ષીય વ્યકિતએ પોતાના ઘરમાં લુંગી વડે પંખા ઉપર લટકીને ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ફરિયાદ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર લક્ષ્મીનગર ડોડપા તળાવ પાસે રહેતા હરેરામ પાસવાન ઉ.વ.૪૫ એ ૩૦મેના રોજ કોઈ અગમ્યકારણોસર પોતાના ઘરમાં પંખા ઉપર લુંગી વડે લટકીને ગળે ફાંસો ખાઈ આપઘાત કરી મરણ જતાં ફરિયાદ નોંધાવા પામી છે.

# રાજગઢ પોલીસ કોન્સ્ટેબલ વયનિવૃત્ત થતા વિદાય સમારંભ યોજાયો



ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસ સ્ટેશનમાં PSO તરીકે ફરજ બજાવતા સુરજસિંહ વય નિવૃત થતા આજરોજ તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં DYSP રાજગઢ PSI આર. આર. ગોહિલ તથા પોલીસ સ્ટેશનનો સ્ટાફ અને સુરજસિંહના પરિવારજનો હાજર રહ્યા હતા. PSI દ્વારા ભેટ-સોગાદો તથા પુષ્પગુચ્છથી સ્વાગત કરી તેમનું નિવૃત્તિ મય જીવન આરોગ્ય મય અને શુખમય રહે તેવી પ્રાર્થના કરી તેમની કાર્યશૈલી ના વખાણ કર્યા હતા.

# ગોધરા સ્ટેશન રોડ ધકકા પાસે ફરક આંકનો જુગાર રમાડતા ૪ ઈસમોને ઝડપ્યા

ગોધરા,
ગોધરા સ્ટેશન રોડ ધક્કા પાસે જાહેરમાં ફરક આંકનો જુગાર રમાડતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી બે ઈસમોને ૧૩૫૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા સ્ટેશન રોડ ધક્કા પાસે જાહેરમાં ફરક આંકનો જુગાર રમાડતા હોય તે સ્થળે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન જનઝીમખાન રસીદખાન પઠાણ, યાકુબ અબ્દુલ રહીમ ગોધરાને ૧૩૫૦/-રૂપીયા રોકડા અને સ્લીપ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

# હાલોલ પોલીસે ત્રણ ચોરીની બાઈકો સાથે એમ.પી. અલીરાજપુરના ઈસમને ઝડપ્યો




હાલોલ,
હાલોલ પોલીસે બાતમીના આધારે કાળી ભોઈ ત્રણ રસ્તા પાસે વોચમાં હતા. ત્યારે ચોરી કરીને બાઈક લઈ જતા હોય તેને રોકવાની કોશીષ કરતાં તેનો પીછો કરી પોલીસે ઝડપી પાડયો હતો. પુછપરછ દરમિયાન ચોરીની ૩ બાઈકો કબ્જે લેવામાં આવી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ પોલીસને બાતમી મળી હતી કે, તેના આધારે પોલીસ કાળી ભોઈ ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવીને ગુન્હા રજીસ્ટર નં.૩૭૯ની તપાસમાં હતા. દરમ્યાન મોટર સાયકલ નંબર જીજે.૩૪.એફ. ૧૫૯૩નો ચાલક ચોરી કરી લઈ જતો હોય તેને રોકવા પોલીસે કોશિષ કરતાં બાઈક ચાલક ઉભો રહ્યો ન હતો. પોલીસે પીછો કરીને ઈસમ પાસેથી બાઈક નંબર જીજે.૩૪.એફ.૧૫૯૩ને રીકવર કરી આરોપી રામસીંગ વિરસીંગ ભીલાલા રહે. નાની બંડોઈ, તા.કડીવાડા, અલીરાજપુર, એમ.પી.ની પોલીસે પુછપરછ કરી હતી. પુછપરછ દરમિયાન અન્ય બે આરોપીઓની સાથે હાલોલની અલગ અલગ સોસાયટી માંથી પાર્ક કરેલ મોટર સાયકલ ચોરી કરેલ હોવાની કબુલાત કરી હતી. પોલીસે અન્ય બે ચોરીની બાઈકો નંબર જીજે.૧૭.બીઆર.૪૩૮૦, બાઈક નંબર જીજે.૦૬.જેએચ.૩૩૯૦ મળી ૭૦ હજારનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો.

# ગોધરા ઈદગાહ મહોલ્લા મસ્જીદ સામે નદીની ઘસ ઝાડી માંથી કત્તલ માટે ગોંધી રાખેલ ૯ ગૌવંશ બચાવાયા

ગોધરા,
ગોધરા ઈદગાહ મહોલ્લા અબ્દુલા મસ્જીદ સામે ટ્રકમાં રાજસ્થાન થી કત્તલના ઈરાદે ગૌવંશ લાવીને મેશરી નદીના ઘસમાં ઉતારેલ છે. તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન નદીના ઘસમાં ઝાડીઓ માંથી ૫ ગાય, ૪ બળદો મળી ૯ ગૌવંશ ૧,૬૦,૦૦૦/-રૂપીયા, ટ્રક મળી ૧૪,૧૦,૫૦૦/- મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા ઈદગાહ મહોલ્લા અબ્દુલા મસ્જીદ સામે ટ્રક નંબર એચઆર.૫૫.કયુ.૬૯૩૫માં રાજસ્થાન થી ગૌવંશને કત્તલના ઈરાદે ટુંકા દોરડા વડે કુરતા પૂર્વક લાવે છે અને મેશરી નદીના ઘસમાં ઉતારેલ છે. તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન નદીના ઘસમાં ઝાડી ઝાખરામાં ગોંધી રાખેલ ૫ ગાય અને ૪ બળદ મળી ૯ ગૌવંશ કિંમત ૧,૬૦,૦૦૦/-રૂપીયા આઈસર ટ્રક એસેન્ટ કાર, મોબાઈલ ફોન-૧ મળી ૧૪,૧૦,૫૦૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે શૈકુલ ઉમરહીમ મીયાને ઝડપી પાડવામાં આવ્યો. જ્યારે સુફીયાન મોહંમદ હનીફ હોકલા નાશી જઈ ગુનો કરતાં આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે પશુ સંરક્ષણ સુધારણા અધિનિયમ અંતર્ગત ફરિયાદ નોંધાવા પામી છે.

## દાહોદ MG રોડ પર આવેલ

# મોબાઈલ દુકાનના કાઉન્ટર માંથી રોકડ, સોનાની ચેઈન, મોબાઈલ મળી ૨.૨૯ લાખની ચોરી કરતા ચોર

દાહોદ,
દાહોદ શહેરના એમ.જી. રોડ ખાતેથી એક મોબાઈલની દુકાનના કાઉન્ટર પરથી કોઈ અજાણ્યા ચોર ઈસમે રોકડા રૂપીયા ૧,૬૪,૦૦૦/- એક દોઢ તોલા સોનાની ચેઈન, એક મોબાઈલ ફોન તેમજ આધાર કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ વિગેરે દસ્તાવેજો ભરેલ કુલ રૂા. ૨,૨૯,૫૦૦ ની મુદ્દામાલ ભરેલ બેગ ચોરી કરી લઈ નાશી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૦મી મેના રોજ દાહોદ શહેરના ભોઈવાડા સૈફી મહોલ્લા વિસ્તારમાં રહેતાં મહમદજુનેદ જાકીરભાઈ સબ્જીફરોજ (કુંજડા) એ પોતાની રોકડા રૂપીયા ૧,૬૪,૦૦૦ ભરેલ બેગ તેમજ તેમાં પોતાનો એક મોબાઈલ ફોન, એક દોઢ તોલા સોનાની ચેઈન, એક મોબાઈલ ફોન, આધારા કાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ વિગેરે દસ્તાવેજો મળી કુલ રૂા. ૨,૨૯,૫૦૦નો મુદ્દામાલ ભરેલ બેગ દાહોદ શહેરમાં આવેલ એમ.જી. રોડ મોચીવાડી ખુંટ ખાતે આવેલ યુનિક મોબાઈલ પોઈન્ટ ખાતે મુકી રાખી હતી તે સમયે કોઈ અજાણ્યા ઈસમે પોતાનો કસબ અજમાવી મહમદજુનેદભાઈની નજર ચુકવી ચોરી કરી લઈ નાસી વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

આ સંબંધે મહમદજુનેક જાકીર શબ્જીફરોજ (કુંજડા) એ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના ચંદવાણા ગામેથી બાઈકની ચોરી કરી જતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ તાલુકાના ચંદવાણા ગામેથી એક વ્યકિતની લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી લઈ નાશી જતા પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૯મી મેના રોજ દાહોદ તાલુકાના ચંદવાણા ગામે સુથાર ફળિયામાં રહેતાં કનુભાઈ માનાભાઈ સંગાડાના ઘરની આગળ લોક મારી પાર્ક કરેલ તેમના ભત્રીજાની મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે કનુભાઈ માનાભાઈ સંગાડાએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદના મુંડાહેડા ગામે સગીરાએ ઝાડ સાથે ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મુંડાહેડા ગામે એક ૧૪ વર્ષીય સગીરાએ અગમ્યકારણોસર ઝાડ પર ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ગત તા.૩૦મી મેના રોજ ઝાલોદ તાલુકાના મુંડાહેડા ગામે સાજા ફળિયામાં રહેતા ૧૪ વર્ષીય અસ્મિતાબેન કલ્પેશભાઈ બિલવાળે અગમ્યકારણોસર સાજા તળાવના કિનારે આવેલ તેમના ખેતરના છેડા ઉપર આવેલ એક ઝાડ ઉપર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ પણ સ્થળ પર દોડી આવી હતી. ૧૪ વર્ષીય સગીરાના મોતને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. પોલીસે મૃતક સગીરાના મૃતદેહને ઝાડ પરથી નીચે ઉતારી નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં. આ સંબંધે ઝાલોદ તાલુકાના મુંડાહેડા ગામે સાજા ફળિયામાં રહેતાં હુરસીંગભાઈ સમસુભાઈ બિલવાળે ચાકલીયા પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ૩૦-૪૦ બકરા સાથે પશુબલિ માટે પહોંચેલા લોકોનો પોલીસ અને જીવદયા પ્રેમીઓ પર પથ્થરમારો

વડોદરા,
શહેરમાં મોડી રાત્રે પોલીસ અને જીવદયા પ્રેમીઓ પર પથ્થરમારાની ઘટના બની છે. આ મામલે પોલીસે પાંચ લોકોની અટકાયત કરી છે, તેમજ અન્ય લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે. હકીકતમાં વાસણા બાયલી સ્મશાન પાસે આવેલા ડેડા તલાવડીમાં કેટલાક લોકો પશુબલિ માટે આવ્યા હતા. આ અંગેની જાણ થયા બાદ જીવદયા પ્રેમીઓની ટીમ ત્રાટકી હતી. પોલીસ પણ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. આ દરમિયાન જીવદયા પ્રેમીઓની ટીમ અને પોલીસ પર સ્થાનિક લોકોએ પથ્થરમારો કર્યો હતો. મળતી માહિતી પ્રમાણે પોલીસ અને જીવદયા પ્રેમીઓ પહોંચ્યા ત્યારે ત્યાં મોટી સંખ્યામાં લોકો હાજર હતા. પોલીસ અને જીવદયાની ટીમ ત્રાટકી ત્યારે લોકો અંધારાનો લાભ ઉઠાવીને ભાગી ગયા હતા.

મળતી માહિતી પ્રમાણે કેટલાક લોકો અંદાજે ૩૦-૪૦ બકરા સાથે ડેડા તલાવડી ખાતે બલિ માટે પહોંચ્યા હતા. જીવદયા પ્રેમીઓને આ અંગેની બાતમી મળ્યા બાદ તેઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. અબોલ જીવોની બલિ ચઢે તે પહેલા જ જીવદયાની ટીમ ત્રાટકી હતી. આ દરમિયાન સ્થાનિકોએ તેમના પર પથ્થરમારો કરી દીધો હતો. જેના પગલે રાત્રે નાસભાગ મચી ગઈ હતી. અંધારાની ગેરલાભ ઉઠાવીને કેટલાક લોકોએ પથ્થમારો શરૂ કરી દીધો હતો. પોલીસે પથ્થરમારો કરનાર તત્વોની શોધખોળ શરૂ કરી છે.

આ મામલે ઈન્ચાર્જ એસીપી મેઘા તેવરે જણાવ્યું હતું કે, "બરોડા રૂરલની હદમાં એક ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો બકરા કાપવા માટે ભેગા થયા હોવાનો મેસેજ જીવદયા પ્રેમી સંસ્થા તરફથી મળ્યો હતો. પોલીસ જીવદયા પ્રેમીઓની મદદ કરી રહી હતી ત્યારે કેટલાક લોકોએ અંધારામાંથી પથ્થમારો કર્યો હતો. આ ઘટનામાં કોઈને ઈજા પહોંચી નથી."

મળતી માહિતી પ્રમાણે પોલીસ અને જીવદયા પ્રેમીઓ પહોંચ્યા ત્યારે મોટી સંખ્યામાં લોકો હાજર હતા. જે બાદમાં પથ્થમારો થયો હતો. આ મામલે જીવદયા પ્રેમીઓએ ફરિયાદ નોંધાવી છે. પોલીસ હાલ પથ્થરમારો કરનાર લોકોની શોધખોળ કરી રહી છે. આ ઉપરાંત શા માટે આટલી મોટી સંખ્યામાં બકરાઓને બલિ માટે લાવવામાં આવ્યા હતા? આ બકરાઓને ક્યાંથી લાવવામાં આવ્યા હતા તેની તપાસ પોલીસે શરૂ કરી છે.